# न्द्रियपराजयदिगदर्शन.

કર્તા—

શ્રીવિજયધર્મસૂરિ.

L. M. S. P. BARODA.

॥ अर्हम् ॥

# इन्द्रियपराजयदिग्दर्शन.

કર્ત્તાઃ—


શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિ.

એ. એમ. એ. એસ. બી.



પ્રકાશકઃ—

અમરેલી નિવાસી બાઈ ઉજમબાઈના સ્મરણાર્થે ત્હેમના પુત્રો
શા. વીરચંદ જીવાભાઈ તથા શા. તલકચંદ જીવાભાઇએ
કરેલી સહાયતાથી

શ્રી યશોવિજય જૈનગ્રંથમાળા—વ્યવસ્થાપક મંડળ તરફથી

શેઠ પ્રેમચંદ રતનજી.

ભાવનગર.

વીર સં. ૨૪૪૩ સં. ૧૯૭૩

વડોદરા-શિયાપુરામાં, લુહાણામિત્ર સ્ટીમ પ્રિં. પ્રેસમાં, વિઠ્ઠલભાઇ આશારામ ઠક્કરે,
તા. ૧૦-૯-૧૯૧૭ ના રોજ પ્રકાશકને માટે છાપી પ્રસિદ્ધ કર્યું.

॥ अर्हम् ॥

परमगुरुश्रीवृद्धिचन्द्रेभ्यो नमः ।

# इन्द्रियपराजयदिग्दर्शन.

**જ્હેણે બાલપણામાં જગને ખરૂં પરાક્રમ બતલાવ્યું,**
**સાથ ખેલવાવાળા સુરનું માન ચમત્કારે ટાળ્યું;**
**એવા શ્રીપ્રભુ મહાવીરનું ધ્યાન ધરીને મનથી આજ,**
**કરૂં ગ્રંથની રચના ન્હાના, ઇંદ્રિયો વશ કરવા કાજ.**

સંસારમાં સમસ્ત પ્રાણિયો સુખના અભિલાષી અને દુઃખના દ્વેષી માલૂમ પડે છે. દરેક પ્રાણિયો સુખનાં સાધનોને મેળવવા અને દુઃખનાં કારણોને નષ્ટ કરવા તૈયાર રહે છે. છતાં સારાં સાધનોના અભાવથી સુખની પ્રાપ્તિ થતી નથી અને દુઃખ દૂર થતું નથી. ઉલટો દુઃખ દાવાનળ વધારે નજીકમાં આવતો જાયછે. આનું કારણ એટલુંજ છે કે, જેને પ્રાણિયો સુખનું સાધન માને છે, તે, સુખનું સાધન નહિં, પરંતુ નિમંત્રણ કરીને દુઃખને વ્હોરી લાવનાર દૂત છે. જેમકે પંચેન્દ્રિયના વિષયો. આ પંચેન્દ્રિયના વિષયોને તમામ પ્રાણિયો સુખનાં સાધનો માને છે, પરંતુ પરિણામે તે કેટલાં દુઃખદાયી થઈ પડે છે, તેનુંજ દિગ્દર્શન આ નાનકડા પુસ્તકમાં કરવામાં આવશે.

૧ સ્પર્શેન્દ્રિય, ૨ રસનેન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ ચક્ષુરિન્દ્રિય અને ૫ શ્રવણેન્દ્રિય. આ પાંચ ઇંદ્રિયોનાં નામો તો પ્રાયઃ તમામ મનુષ્યો જાણતાજ હોય છે. પરંતુ એ પાંચેના કેટલા અને ક્યા ક્યા વિષયો છે, તે ઘણા થોડા મનુષ્યો જાણતા હશે. એટલા માટે એકએક ઇંદ્રિયના કેટલા અને ક્યા ક્યા વિષયો છે, તે પ્રારંભમાં બતાવવું જરૂરનું છે.

| ઇંદ્રિયનું નામ. | વિષયની સંખ્યા. | વિષયનાં નામો. |
|---|---|---|
| ૧ સ્પર્શેન્દ્રિય. | ૮ | શીત, ઉષ્ણ, હલકો, ભારે, સ્નિગ્ધ, રૂખો, સુકોમલ અને કઠોર. |
| ૨ રસનેન્દ્રિય. | ૫ | મધુર, આમ્લ, તિક્ત, કટુ અને કષાયેલો. |
| ૩ ઘ્રાણેન્દ્રિય. | ૨ | સુગન્ધ અને દુર્ગન્ધ. |
| ૪ ચક્ષુરિન્દ્રિય. | ૫ | શુકલ, નીલ, હરિત, પીત અને રક્ત. |
| ૫ શ્રવણેન્દ્રિય. | ૩ | શબ્દ, અપશબ્દ, અને મિશ્રશબ્દ. |
| | ૨૩ | |

એકંદર પાંચે ઇંદ્રિયોના તેવીસ વિષયો છે. આ પાંચે ઇંદ્રિયો પૈકી પહેલાં સ્પર્શેન્દ્રિયના વિષયોથી ઉત્પન્ન થતાં દુઃખો તરફ ખ્યાલ કરીએ.

### સ્પર્શેન્દ્રિય.

स्वेच्छाविहारसुखितो निवसन्नगानां
मध्ये वने किसलयानि मनोहराणि ।
आरोहणाङ्कुशविनोदनबन्धनादि
दन्ती त्वगिन्द्रियवशः समुपैति दुःखम् ॥ १ ॥

સ્વેચ્છાવિહાર ( સ્વતંત્રપણા ) વડે સુખી, પર્વતોમાં નિવાસ કરતો અને વનમાં સુકોમલ વૃક્ષોનાં સુંદર પાંદડાંઓને ખાતો હાથી સ્પર્શેન્દ્રિયના વિષયને વશ થઇ આરોહણ, અંકુશ, પ્રેરણક્રિયા અને બંધનાદિ દુઃખોને પ્રાપ્ત કરે છે. સ્પર્શેન્દ્રિયના વિષયને વશ થવાથી તે હાથીની કેવી અવસ્થા થાય છે, તે જરા તપાસીએ.

સ્પર્શેન્દ્રિયના વિષયથી અન્ધ થએલો હાથી હજારો કષ્ટોમાં આવી પડે છે. હાથી સ્વતંત્રપણે વનની અંદર આનંદ કરે છે, અને અલમસ્તાવસ્થામાં સર્વત્ર ઘૂમતો ફરે છે. પરન્તુ તે હતભાગ્ય જ્યારે કૃત્રિમ હસ્તિની ( હાથણી ) ને દેખે છે, ત્યારે વિષયાન્ધ થઈને તેની તરફ દોડે છે; તે એટલે સુધી કે પકડાતો પણ નથી. આ વખતે તેને ફસાવાને માટે જમીનમાં એક મ્હોટો ખાડો ખોદેલો હોય છે, તેના ઉપર એક સુંદર હાથણીનો દેખાવ ઉભો કરવામાં આવે છે. હાથી, તે કૃત્રિમ હાથણી પાસે આવીને તેની સાથે સ્પર્શેન્દ્રિયના વિષયનું સુખ અનુભવવાને—વિષયસેવન કરવાને આતુર થાય છે. જેવો તે વિષય-સેવન કરવા તૈયાર થાય છે, તેવોજ તે ધડાક દઈને પેલા ખાડામાં પડે છે. તે વખતે તેના શરીરમાં ઘણુંજ દુઃખ થાય છે. તે ઉભો પણ થવા પામતો નથી અને તે એવો તો દિગ્મૂઢ થઇ જાય છે, કે કયાંઈ જવા આવવાનો તેને રસ્તો પણ સૂઝતો નથી. અતએવ ગભરાઇને તે બૂમો પાડવા લાગે છે. આસપાસનાં તમામ જાનવરો તેના બરાડાથી ઘણાં ત્રાસ પામે છે. આ વખતે હાથીને પકડવાવાળા પણ દૂર ભાગી જાય છે. કેમકે, જો પાસે હોય તો, તેમના જેવા ક્રૂર હૃદયનાં માણસોને પણ એક વખત તો કરૂણા ઉત્પન્ન થઇ જાય. કિન્તુ તે લોકોનો તો તે વ્યાપારજ હોવાથી પાછા ત્યાં આવી કરૂણાના સ્થાનમાં ક્રીડા કરે છે. આવી અવસ્થામાં ખાડામાં પડેલો હાથી ક્ષુધા અને તૃષાથી પીડિત થઇ જ્યારે અશક્ત બનીને હત–પ્રહત થઇ જાય છે, ત્યારે હાથીને પકડવાવાળા પુરૂષો તે ખાડાની પાસે જઇને તે જીવતા હાથીની શું દશા કરે છે, તે આલેખવાને આ લેખિની તદ્દન અશક્ત છે. બસ, આજ પ્રમાણે તિર્યંચયોનિમાં હાથીથી લઇ કરીને તમામ પ્રાણિયોની દશા વાચકે સ્વયં વિચારી લેવી. તેમાં વળી જન્મથી દુઃખી

એવાં કૂતરાંઓની સ્થિતિ તો ખાસ જોવા જેવી છે. જેને ઉદર પૂરતું ખાવાનું પણ મળતું નથી, જેને કોઈ સંમાન પણ દેતું નથી અને જેના શરીર ઉપર ટાઢનું રક્ષણ કરવા કપડા સરખું પણ નથી; તેમ વરસાદમાં રહેવાને ઘર પણ નથી હોતું. તેવાં કૂતરાં કાત્તિક મહીનાના પ્રારંભમાંજ પાયમાલ થઈ જાય છે. ગલીગલી અને ખૂણાખચકાની અંદર સડેલી કૂતરીની પાછળ, ભૂખ–તૃષાને નહિ ગણકારીને રાત દિવસ ભમ્યા કરે છે. મનુષ્યોની લાકડીયોના પ્રહારો સહન કરે છે, બીમાર પડી જાય છે, શરીર ઉપર અનેક પ્રકારનાં ચાઠાં અને ચાંદીયો પડી જાય છે, વાળ ખરી પડે છે, ભૂખથી શરીર જીર્ણ થઇ જાય છે. છેવટે પાગલ પણ થઇ જાય છે અને હડકાયું થઈ જવા છતાં પણ સ્પર્શેન્દ્રિયના વિષયને છોડી શકતું નથી. તેવા કૂતરાનું કુમૃત્યુ આપણે આપણી નજરે જોઇએ છીએ. તે બિચારાં એક મહીનાને માટે સ્પર્શેન્દ્રિયના વિષયને આધીન થઇ, છેવટે તે એવી ઉગ્રદશાનો અનુભવ કરે છે, તો પછી મનુષ્યો, કે જેઓ બારે માસ સ્પર્શેન્દ્રિયના વિષયને વશવર્ત્તી બન્યા રહે છે, તેઓની દશા કેવી થાય છે, અથવા થતી હશે, તેનો વિચાર વાચકે સ્વયં કરી લેવો જોઇએ. મહાત્મા તુલસીદાસે ઠીકજ કહ્યું છે કેઃ—

**कारतिक मासके कूतरे तजे अन्न और प्यास ।**
**तुलसी वां की क्या गति जिसके बारे मास ॥ १ ॥**

સ્પર્શેન્દ્રિયાધીન પ્રાણિયો હમેશાં આર્ત્તધ્યાનવાળા રહે છે. વળી એક વાત એ પણ વિચારવા જેવી છે કે મનુષ્યોને સ્પર્શેન્દ્રિયજન્ય વિષયસુખ દ્રવ્યવિના મળતું નથી અને દ્રવ્ય પ્રાપ્ત કરવામાં જે પરિશ્રમ, કૂડ, કપટ, દંભ અને છલભેદાદિ કરવાં પડે છે, તે તેના અનુભવીઓ સારી પેઠે સમજી શકે તેમ છે. શાસ્ત્રકારોએ તો ધર્મના નિમિત્તે પૈસો એકઠો કરવાવાળાને પણ આર્ત્તધ્યાની કહ્યા છે; તો પછી બીજા કારણે દ્રવ્યની ઇચ્છા રાખનારને માટે તો કહેવુંજ શું ? **શ્રીહરિભદ્રસૂરિ** કહે છેઃ—

**धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी ।**
**प्रक्षालनाद्धि पङ्कस्य दूरतोऽस्पर्शनं वरम् ॥ १ ॥**

જેને ધર્મને માટે દ્રવ્યની ઇચ્છા છે, તેની અનીહા (નહિં ઇચ્છા કરવી તે) જ શ્રેષ્ઠ છે. કેમકે, કીચ્ચડમાં પગ નાખીને પાછળથી તેને ધોવો, તેના કરતાં દૂરથી જ સ્પર્શ ન કરવો, એજ અત્યુત્તમ છે.

ઉપરના વચનમાં ધર્મબુદ્ધિથી પણ દ્રવ્ય સંગ્રહવાની ઇચ્છાનો નિષેધ કરવામાં આવ્યો છે, કેમકે તેમાં આર્ત્તધ્યાન રહેલું છે. અહિં એ શંકા થવી સ્વાભાવિક છે કે-"જ્યારે મહાનિશીથાદિ સૂત્રોમાં અને બીજા ધર્મગ્રન્થોમાં એમ કહેવામાં આવ્યું છે કે દ્રવ્યવાન્ પુરૂષ, પોતાના દ્રવ્ય વડે કરીને જિનમંદિરાદિ દેવાલયો બંધાવે, તો તે બારમા સ્વર્ગે જાય, તો પછી દ્રવ્યને માટે આર્ત્તધ્યાન કેમ બતાવ્યું ?" આનો ઉત્તર સહજ છે. જિનમંદિર બંધાવવાવાળો શ્રાવક બારમા સ્વર્ગે જાય, તે પોતાના વિદ્યમાન દ્રવ્યથી બંધાવનારને માટે કહેલ છે. કેમકે પોતાની વિદ્યમાન લક્ષ્મીનો વ્યય કરનારમાં તેટલા અંશે મૂર્છા ઉતરે છે-લોભની ન્યૂનતા થાય છે. અને મંદિરાદિ બંધાવાની આશા રાખીને પણ દ્રવ્ય એકઠું કરવાની ઇચ્છા રાખનારની લોભવૃત્તિ વધારે જાગૃત રહે છે અને હમેશાં વિચારો પણ દ્રવ્ય સંબંધીજ રહે છે. ધનવૃદ્ધિ કરાવા માટે ઉપદેશની જરૂર નથી હોતી, તેમ વિષય સેવનને માટે પણ ઉપદેશની જરૂર નથી હોતી. કર્મ બંધનનાં કારણો જીવની સાથે અનાદિ કાલથી લાગેલાંજ છે. બાળકને સ્તનપાનની ક્રિયા શીખવાડવી પડતી નથી. તે સ્વયં તેમાં પ્રવૃત્ત થાય છે. તેવીજ રીતે જીવ, મોહનીયકર્મના જોરથી ક્રોધ, માન, માયા અને લોભાદિ ૧૬ કષાયો તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્રીચેષ્ટા, પુરૂષચેષ્ટા અને નપુંસકચેષ્ટાદિ કરે છે. કેવલ તેને ધર્મ-શિક્ષા આપવાની આવશ્યકતા છે. બસ, તેજ કારણથી શાસ્રકારો વિદ્યમાન દ્રવ્યનોજ સત્કાર્યોમાં વ્યય કરવાનું બતાવે છે. પરન્તુ દ્રવ્ય એકઠું કરવાનું નથી ફરમાવતા. અને તેનું કારણ, દ્રવ્ય આર્ત્તધ્યાનનું કારણ છે, તેજ છે.

આ ઉપરથી આપણે એજ જોવાનું છે કે જ્યારે ધર્મને માટે પણ ધર્મશાસ્ત્રકારોએ દ્રવ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવામાં આર્ત્ત-ધ્યાન બતાવ્યું, તો પછી સ્પર્શેન્દ્રિયના વિષયભોગને માટે દ્રવ્યની ઇચ્છા કરવામાં મહાન્ પાપ હોય એમાં કહેવુંજ શું ? હવે પાપથી પેદા કરેલ દ્રવ્યથી સ્પર્શેન્દ્રિયનું વિષયસુખ ભોગવવાવાળો પ્રાણી સુખી હોય, એવું પણ કોઇ સ્થળે દેખવામાં આવ્યું નથી. ઘણા જીવો બિચારા સ્પર્શેન્દ્રિયજન્ય સુખ સેવનમાં અનેક રોગોથી ઉપદ્રવિત થયા છે અને થાય છે. આ જમાનામાં એવા ઘણા જીવો જોવામાં આવે છે કે, જેઓને પ્રમેહ, ચાંદી, ગરમી, બદ, લોહીની ખરાબી અને એવા એવા બીજા ઘણા રોગો લાગુ પડેલા હોય છે. તેમાંના કેટલાક વૈદ્યોના કહેવા પ્રમાણે ઘણા દિવસોની લાંઘણો અને અનેક ઉપચારો કરવાથી આયુષ્યની પ્રબલતાથી સારા થાય છે, કેટ-લાક રાજદંડ અને લોકદંડનો પણ પ્રહાર વેઠે છે, કેટલાક પરંપરાથી આવેલી લક્ષ્મીનો નાશ કરી ઘરબારને ઘરેણે મૂકી કે વેચી નાખી ભિખારી બની ભીખ માગતા થાય છે, અને કેટલાક તો બિચારા રોગમાં ને રોગમાં સડી સડી મરણને શરણ થાય છે. કયાં સુધી કહેવું ? સ્પર્શેન્દ્રિયના વિષયમાં લુબ્ધ થયેલા મનુષ્યો દ્રવ્યનો, શક્તિનો, શરીરનો અને પોતાના સર્વસ્વનો ક્ષય કરી નાખી આ ભવમાં અને પરભવમાં મ્હોટાં મ્હોટાં દુઃખોના પંજામાં સપડાયલાજ રહે છે. એટલે તેમના બન્ને ભવો વ્યર્થજ જાય છે.

હવે રસનેન્દ્રિયના વિષયોમાં લંપટ થયેલ જીવોની લગાર જિં-દગી તપાસીએ.

## રસનેન્દ્રિય.

तिष्ठञ्जलेऽतिविमले विपुले यथेच्छं
सौख्येन भीतिरहितो रममाणचित्तः ।
मुग्धो रसेषु रसनेन्द्रियतोऽतिकष्टं
निष्कारणं मरणमेति षडीक्षणोऽत्र ॥ १ ॥

ઘણા અને અતિ નિર્મળ પાણીમાં રહેતું અને સુખપૂર્વક નિડરપણે રમવાના સ્વભાવવાળું મત્સ્ય, રસનેન્દ્રિયના વિષયમાં લુબ્ધ થઇ નિષ્કારણ ઘણાં કષ્ટપૂર્વક મૃત્યુને પ્રાપ્ત કરે છે.

પાણીની અંદર આનંદ કરી રહેલ મચ્છ અને કચ્છપાદિ પણ અસાધારણ દુઃખવેદનાઓ પૂર્વક મૃત્યુને પ્રાપ્ત થાય છે, તેનું કારણ માત્ર રસનેદ્રિયના વિષયની લાલચજ છે. મચ્છીમારો જ્યારે માછલાંને પકડવાને જાળ કે દોરી નાખે છે, ત્યારે તેની અંદર આટાની ગોળીયો કે એવા ખાદ્ય પદાર્થો રાખે છે. આ પદાર્થ ખાવાને માટે માછલું અંદર જાય છે, કે તુર્તજ તે તેમાં ફસાઇ જાય છે. જે વખતે માછલું જાળની અંદર ફસાય છે, તેજ વખતે અધમરૂં તો લગભગ થઈ જાય છે. તે પછી મચ્છીમારો પત્થર ઉપર ઘસીઘસીને તેની ઉપરના કાંટા કાઢી નાખે છે. આ વખતે તે માછલાને કેટલી વેદના થતી હશે, તેનું કોઇ વર્ણન કરી શકે તેમ છે ? આટલું છતાં તે માછલું મરતું તો નથીજ. તે પછી તે માછલાના લોઢાના શસ્ત્રથી ટુકડા કરે છે. અહિં સુધી પણ માછલું સચેતન જોવાય છે, કારણ કે માછલાનો જીવ એટલો બધો કઠોર હોય છે, કે તે એકદમ શરીરથી છૂટો થઈ શકતો નથી. અરે, કોઈ કોઇ વખત તો ચૂલા ઉપર તેને પકાવતાં સુધી પણ ટુકડા હાલતા માલૂમ પડે છે. વાચક ! માછલાની આવી કઠોર અવસ્થા શાથી થાય છે ? એક માત્ર રસનેન્દ્રિયના વિષયની લાલચથીજ, બીજું કંઇજ નહિં.

હવે જેઓ રસનેન્દ્રિયના વિષયોને આધીન થઇ મત્સ્યાદિનું ભક્ષણ કરે છે, તેઓની દશા તો મત્સ્ય કરતાં પણ વધારે ખરાબ થાય છે. પહેલાં તો જૂઓ, મત્સ્યને ખાવાવાળો માણસ તમામ તુચ્છ વસ્તુઓને ખાનાર છે, એમ કહી શકાય છે. ' **मत्स्यादः सर्वमांसादः** ' એ એક સામાન્યવચન છે. કારણ કે મત્સ્ય મરેલા જીવોને ખાય છે. તેમ વિષ્ઠા વિગેરે તુચ્છ પદાર્થોને પણ ખાય છે, તો પછી મત્સ્યને ખાવાવાળો, સઘળા તુચ્છ પદાર્થોને ખાય છે, એમ

કહેવામાં લગારે અત્યુક્તિ નથી. વળી મત્સ્ય ખાવાવાળાને અનેક પ્રકારના રોગો પણ ઉત્પન્ન થાય છે. ખાધેલું પાચન થતું નથી. ઓડકાર પણ ખરાબ આવે છે. તે મનુષ્યનો પસીનો પણ દુર્ગન્ધવાળો હોય છે. એટલુંજ નહિં; પરન્તુ કુષ્ઠાદિ મ્હોટા મ્હોટા રોગો પણ લાગુ પડી જાય છે. છેવટે તેનું મૃત્યુ પણ ઘણીજ ખરાબ હાલતથી થાય છે. આ સિવાય માંસને ખાવાવાળો માણસ પ્રભુભજન કરવાને પણ અધિકારી નથી. કેમકે, વિચાર કરો, મડદાને અડકયા પછી તુર્ત સ્નાન કરવાની જરૂર પડે છે. જ્યાં સુધી સ્નાન નથી કરવામાં આવતું, ત્યાં સુધી કોઇ પણ વસ્તુને અડી શકાય નહિં; તેમ પ્રભુની પૂજા પણ કરી શકાતી નથી. એ વાત સર્વ સમ્મત છે. હવે, જે માંસ ખાવાવાળો માણસ છે, તે જીવના મર્યા સિવાય માંસ પામી શકશે નહિં. અને જ્યારે મરેલ જીવનું માંસ ત્હેણે પેટમાં નાખ્યું, તો પછી તે સ્નાન, સંધ્યા, દેવપૂજન વિગેરે કેવી રીતે કરી શકશે? આ મહાન્ અનર્થને ઉત્પન્ન કરનાર કોણ? બીજું કોઇ નહિં. એકજ રસનેન્દ્રિયના વિષયની લોલુપતા.

અહિં એક વાત કહેવી જરૂરની છે. ' यत्र भोगास्तत्र रोगाः ' આ એક સામાન્ય નિયમ છે અર્થાત્ જ્યાં ભોગો છે, ત્યાં રોગો છે, હવે રસનેન્દ્રિયના વિષયોમાં લંપટ થયેલો મનુષ્ય કોઇ દિવસ ભક્ષ્યાભક્ષ્યનો પણ વિચાર કરતો નથી. 'જે આવ્યું તે ખાધું' આવીજ ત્હેની પ્રવૃત્તિ રહ્યા કરે છે. આ સંબંધી વિશેષ વિસ્તારમાં ઉતરવા જતાં વિષયાન્તર થવાનો ભય રહે છે. માટે આ વિષયનો વિશેષ વિસ્તાર જેને જોવો હોય તેણે મ્હારૂં બનાવેલું ' अहिंसादिग्दर्शन ' પુસ્તક જોવું.

જગતના તમામ જીવો કર્માધીન હોવાથી અને સાચા માર્ગનું ભાન નહિં થયેલું હોવાથી રસનેન્દ્રિયજન્ય સુખની પ્રાપ્તિને માટે નિંદનીય પદાર્થોનું ભક્ષણ અને અનાચરણીય વ્યવહારનું સેવન કરે છે, જેમકે, કેટલાક તો વીરપરમાત્માના ભક્ત હોઇ કરીને પણ

અષ્ટમી, ચતુર્દશી વિગેરે તિથિયોનો તિરસ્કાર કરી કંદમૂલાદિનું ભક્ષણ કરવામાં બાકી રાખતા નથી. વળી રાત્રિભોજનનો નિષેધ જૈન અને જૈનેતર તમામ શાસ્ત્રોમાં યુક્તિપૂર્વક કરેલો છે, તેમ શારીરિક નિયમો અને નીતિ–રીતિ દેખવાથી પણ રાત્રિભોજનનો નિષેધ સ્પષ્ટ માલૂમ પડે છે. જૂઓ, દિવસની અપેક્ષાએ રાત્રિના સમયમાં જીવો વધારે ઉડે છે. ત્હેમાં પણ દીવાના પ્રકાશને દેખીને તો તેથી પણ વધારે આવે છે. આ જીવો જેમ રાત્રે આપણા શરીર ઉપર બેસે છે, તેવીજ રીતે ભોજન ઉપર પણ બેસે છે. આમ ભોજન ઉપર જીવોના બેસવાથી રાત્રે ભોજન કરનાર મનુષ્યોના પેટમાં કેટલા જીવો જતા હશે, તે તો સહજે વિચારી શકાય તેમ છે. આવી રીતે જીવતા જીવોનું ભક્ષણ કરનારા માંસાહારિયો કરતાં પણ વધારે નિ-ર્દય છે, એમ કોઇ અપેક્ષાથી કહીએ, તો તે કંઈ ખોટું નથી. આ તો જીવોના ભક્ષણ સંબંધી વાત કરી, પરન્તુ કેટલાક રાત્રિભોજન કરનારાઓ, રાત્રિભોજન કરવાથી પોતાના પ્રાણોને પણ ખોઈ બેઠેલા છે, એવા ઘણા દાખલાઓ ધોલેરા, ખંભાત અને કલકત્તા વિગેરે ગામોમાં બનેલા સાંભળવામાં અને ખાસ જોવામાં પણ આવ્યા છે. આવા ઘણા કેસો પેપરોમાં પણ વાંચવામાં આવે છે. આવાં કારણો-થીજ ખાસ કરીને શાસ્ત્રકારો રાત્રિભોજનમાં ભાર મૂકીને પાપ બતાવે છે. ત્યાં સુધી કે, સાધુઓને માટે પાંચ મહાવ્રતો બતાવેલાં છે, પરન્તુ જ્યારે સાધુ દીક્ષિત થાય છે, ત્યારે પાંચ મહાવ્રતોની સાથે રાત્રિભોજનને છટ્ઠા વ્રત તરીકે તેનું પણ ઉચ્ચારણ કરવામાં આવે છે. નિદાન, મૂલસૂત્રોમાં પણ ખાસ કરીને રાત્રિભોજનને માટે પાઠ બતાવેલો છે. કોઈ કોઈ સ્થળે તો ત્યાં સુધી પણ બતાવવામાં આવ્યું છે કે, રાત્રિભોજનમાં એટલા બધા દોષો છે કે–કેવલી જાણી શકે ખરા, પરન્તુ કહી શકતા નથી. આ વાત ઉપર લગાર જો સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવામાં આવે, તો તે ઠીક જ માલૂમ પડશે, કેમકે રાત્રિ-ભોજનમાં દોષો અપરિમિત છે, અને આયુષ્ય પરિમિત છે, અને તેમાં પણ વચનવર્ગણા યથાક્રમથી નિકળે છે. એટલે ટૂંકા આયુષ્યમાં અપરિમિત દોષોનું સંપૂર્ણ રીતે સ્પષ્ટીકરણ કેવી રીતે કરી શકે ?

પૂર્વકાલમાં જૈન અને હિન્દુ કોઇ રાત્રિભોજન કરતા નહોતા. આ વાત એક દૃષ્ટાંતથી સિદ્ધ થાય છે. 'જૈનો રાત્રિભોજન કરતા નથી,' આવી પ્રથા જગત્‌માં સુપ્રસિદ્ધ છે. પરન્તુ હિન્દુઓને માટે તેવી પ્રણાલી નથી. બલ્કે તેથી ઉલટીજ પ્રથા જગજાહેર છે. કેટલાક હિન્દુઓ ચોમાસામાં રાત્રિભોજન કરતા નથી અને આઠ મહીના રાત્રિભોજન કરે છે, જ્યારે ઘણા તો બારે માસ રાત્રિભોજન કરે છે, આ પ્રથા પ્રાચીન નહિ, પરન્તુ અર્વાચીન છે. વિચારો–

બ્રાહ્મણ માત્રને એકજ વખત ભોજન કરવાની આજ્ઞા પુરાણોમાં છે. તેમ બે વખત પણ ભોજન કરવાની આજ્ઞા તેજ પુરાણોમાં છે. આ વાત આપણે આગળ જોઇશું, પરન્તુ અહીં એટલું બતાવવું સમુચિત સમજાય છે કે, દૃષ્ટાન્તો બે પ્રકારનાં હોય છેઃ–૧ લૌકિક, અને ૨ લોકોત્તર. પહેલાં લૌકિક દૃષ્ટાન્ત જોઇએ.

મુસલમાનોની રીતિ તપાસીએ તો તે રીતિ હિંદુ અને જૈનોથી ભિન્નજ માલૂમ પડશે. હિંદુ અને જૈનો અહિંસા–જીવદયાને પાળે છે, ત્યારે મુસલમાનો હિંસામાં ધર્મ માને છે. હિન્દુઓએ બીજાં પશુઓની અપેક્ષાએ ગાયને પૂજનીય માની; ત્યારે મુસલમાનો ગાયની કુરબાની કરે છે. આવી રીતે પ્રાયઃ સમસ્ત સાંસારિક અને ધાર્મિક વ્યવહારોમાં વિપરીતતા દેખવામાં આવે છે. હિન્દુઓ શિર પર ચોટલી રાખે છે, તો મુસલમાનો ચોટલી રાખતા નથી. હિન્દુઓ દાઢી રાખતા નથી, તો મુસલમાનો ખાસ કરીને દાઢી રાખે છે. આવી રીતે કપડાંઓ પહેરવામાં, વેશમાં, વ્યવહારમાં બધે ઉલટેજ ઉલટું દેખાય છે. લગભગ એક પણ વસ્તુ સંપૂર્ણ રીતે આર્યજનો સાથે મળતી આવશે નહિં. ક્યાં સુધી કહેવું ? જે શરીરનો ધર્મ આર્ય અને મુસલમાનોનો એકસરખો છે, તેમાં પણ મુસલમાનોએ એ ફરક પાડયો કે, પુરૂષચિહ્ન કંઇક કપાવે, ત્યારેજ મુસલમાન થઇ શકે. ઇત્યાદિક વ્યાવહારિક બાબતો જનસમાજમાં સુપ્રસિદ્ધ છે. ધાર્મિક બાબતોમાં પણ તેવીજ ભિન્નતા રહેલી છે. જૂઓ, સમસ્ત આર્યોની દેવમૂર્તિયો બેઠેલી કે

ઉભી હોય છે, જ્યારે મુસલમાનોના દેવ સૂતેલા હોય છે. સમસ્ત આર્યો પૂર્વ કે ઉત્તર દિશાને માન આપે છે, જ્યારે મુસલમાનો પશ્ચિમદિશાને માને છે, આવીજ રીતે વ્રત-નિયમો પણ આર્યો અને મુસલમાનોના એક બીજાથી વિરૂદ્ધ હોય છે. આર્યો સૂર્ય સાક્ષીએ ભોજન કરે છે, જ્યારે મુસલમાનો રોજાના દિવસોમાં દિવસે ભૂખ્યા રહી રાત્રે ભોજન કરે છે. આ દૃષ્ટાન્તથી પણ આપણને એમ ચોક્કસ માનવાને કારણ મળે છે કે હિન્દુ અને જૈન-તમામ આર્ય પ્રજાએ રાત્રિભોજન કરવું જોઇએ નહિં.

આ તો વ્યાવહારિક દૃષ્ટાન્તથી સમજાવ્યું, પરન્તુ હવે થોડીવાર શાસ્ત્રીય આજ્ઞાઓ તરફ દૃષ્ટિપાત કરીએ. પહેલાં **કૂર્મપુરાણ** જૂઓ. કૂર્મપુરાણના ૨૭ મા અધ્યાયમાં, પૃ. ૬૪૫ અને પંક્તિ ૯-૧૦ માં કહ્યું છેઃ—

**" न द्रुह्येत् सर्वभूतानि निर्द्वन्द्वो निर्भयो भवेत् ।**
*** न नक्तं चैवमश्नीयात् रात्रौ ध्यानपरो भवेत् " ॥ १ ॥**

દરેક પ્રાણિયોપર પ્રેમભાવ રાખે, દ્રોહ કરે નહિ, નિર્દ્વન્દ્વ, નિર્ભય રહે અને રાત્રે ભોજન કરે નહિં, તેમ રાત્રે ધ્યાનમાં તત્પર રહે.

વળી આગળ ચાલતાં તેજ પુરાણના પૃ. ૬૫૩ માં પણ લખ્યું છેઃ-

**' आदित्ये दर्शयित्वान्नं भुञ्जीत प्राङ्मुखो नरः '**

સૂર્યની વિદ્યમાનતામાં ( ગુરૂને ) અન્ન દેખાડીને પૂર્વ દિશા તરફ બેસીને ખાય.

પાઠકોએ અહિં એટલું જાણવું જોઇએ કે-સાધુઓની એ રીતિ છે કે જે કંઇ કાર્ય કરવું, તે ગુરૂની આજ્ઞાપૂર્વક કરવું. આહાર-નિહારાદિમાં પણ ગુરૂની આજ્ઞાની જરૂરીયાત છે. તે જ

---

* **' न नक्तं किञ्चिदश्नीयात् ' इत्यपि पाठः**

કારણથી ઉપર્યુક્ત પદમાં ગુરૂ આજ્ઞાનો અધ્યાહાર કરી લેવો પડયો છે. એ પ્રમાણે અધ્યાહાર કરી લીધા સિવાય વાકયનો યથાર્થ અર્થ બહાર આવે તેમ નથી.

એવી રીતે કૂર્મપૂરાણનું જ નહિ, પરન્તુ અન્યાન્ય બીજાં એવાં ઘણાં વાક્યો છે કે–તેમાં રાત્રિભોજનનો સર્વથા નિષેધ કરેલો છે. જેમ—

" अम्भोदपटलच्छन्ने नाश्नन्ति रविमण्डले ।
अस्तंगते तु भुञ्जाना अहो ! भानोः सुसेवकाः " ॥१॥

એ કેટલો બધો આશ્ચર્યનો વિષય છે, કે–જે સૂર્યભકતો, જ્યારે સૂર્ય મેઘમંડલથી આચ્છાદિત થઇ જાય છે, ત્યારે ભોજન કરતા નથી; તેજ સૂર્યભકતો સૂર્યની સર્વથા અસ્તદશામાં–એટલે કે રાત્રે ભોજન કરતાં અચકાતા નથી. વળી જૂઓ—

" ये रात्रौ सर्वदाऽऽहारं वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्षोपवासस्य फलं मासेन जायते " ॥ १ ॥

જે સત્પુરૂષો રાત્રે સર્વદા આહાર કરતા નથી, તે મહાનુભાવોને એક મહીનામાં પંદર ઉપવાસનું ફળ થાય છે.

એક આખો દિવસ, બે સરખે ભાગે વ્હેંચાયલો છે. **રાત્રિ** અને **દિવસ**. હવે જ્યારે દિવસે ભૂખ્યા રહીને ઉપવાસ અગર વ્રતને માનવામાં આવે છે, તો પછી રાત્રે સર્વથા આહાર પાણી નહિ લેવા વાળા ઉપવાસી અથવા વ્રતી કેમ ન ગણવામાં આવે ? એ હિસાબે હમેશાં આખા દિવસનો અડધો ભાગ ( રાત્રિનો સમય ) જે વ્રતી રહે, તેને એક મહીનામાં પંદર ઉપવાસનું ફળ થાય, એ યુક્તિ-યુક્તજ છે. એ વિગેરે બાબતો સમજીનેજ, મહાભારતના શાન્તિપર્વ અને માર્કંડેયાદિ પુરાણોમાં રાત્રિભોજનના ત્યાગથી ફ્લ અને રાત્રિભોજન કરવાથી પાપ બતાવ્યું છે.

કેટલાકોનું કહેવું થાય છે કે, –'ઉપર્યુક્ત હકીકતોથી રાત્રિભોજનનો નિષેધ સંન્યાસિયોને માટે છે–ગૃહસ્થોને માટે નથી.' આ શંકાના સમાધાનમાં આપણે પુરાણનો જ એક શ્લોક તપાસીએ.

" नोदकमपि पातव्यं रात्रावत्र युधिष्ठिर ! ।
तपस्विनां विशेषेण गृहिणां च विवेकिनाम् ॥ १ ॥

હે યુધિષ્ઠિર ! વિવેકી ગૃહસ્થોએ રાત્રિમાં પાણી પીવું પણ ઉચિત નથી. તપસ્વીએ તો વિશેષે કરીને ન જ પીવું. આનું કારણ બતાવતાં કહ્યું છેઃ—

" मृते स्वजनमात्रेऽपि सूतकं जायते किल ।
अस्तंगते दिवानाथे भोजनं क्रियते कथम् ? " ॥ १ ॥

સ્વજન માત્રના મરવાથી સૂતક આવે છે, તો પછી દિવાનાથ–સૂર્યની અસ્તદશામાં ભોજન કેમ કરી શકાય ?

એ તો સૌ કોઇ જાણે છે કે–કોઇના કુટુંબમાં એક ન્હાનું બાળક પણ મરી જાય છે, તો તે કુટુંબનું કોઈ પણ માણસ ભોજન કરતું નથી. શહેરમાં રાજા કે કોઇ મ્હોટા આગેવાનનું મૃત્યુ થાય, તો જ્યાં સુધી તે મડદાનો અગ્નિસંસ્કાર ન થાય, ત્યાં સુધી ધર્મ અને નીતિને જાણવાવાળો કોઇ પણ માણસ ભોજન કરશે નહિ. જ્યારે આવીજ વ્યવસ્થા છે, તો પછી દિવાનાથ–સૂર્યની અસ્તદશામાં તો ભોજન કરાય જ કેમ ?

આ પ્રસંગે એક વાતનું સ્મરણ કરાવવું ઉચિત લાગે છે. જે વખતે સૂર્યગ્રહણ થાય છે, તે વખતે કોઇ પણ આર્યજન ભોજન કરતો નથી. તેનું કારણ શું ? તેનું કારણ એજ છે કે સૂર્યની સાક્ષીએ ભોજન કરનારાઓ સૂર્યની ગ્રહણાવસ્થામાં ભોજન કેમ કરી શકે ? તેજ છે. કદાચિત્ એમ કહે કે ' ના, તેમ નથી. રાહુ નીચ હોવાથી દરેક વસ્તુઓ અસ્પૃશ્ય થઇ જાય છે, અને તેથી ભોજન

કરવામાં આવતું નથી.' આ કારણ બતાવનારે યુક્તિપૂર્વક વિચારવું જોઈએ છે કે, રાહુ નવગ્રહોમાં ગણાય છે કે નહિં ? જો ગણાતો હોય તો પછી જે વખતે, પ્રસંગ આવે, ઘરની અંદર નવે ગ્રહોની સ્થાપના કરવામાં આવે છે, તે વખતે રાહુની સ્થાપના કરતાં ઘરની બધી વસ્તુઓ અસ્પૃશ્ય કેમ નથી થઈ જતી ? કદાચિત્ એમ કહેવામાં આવે કે 'તે તો મૂલગ્રહ નહિ, પરન્તુ સ્થાપના છે.' ત્યારે શું સ્થાપનાને મૂલની માફક નથી માનતા ? જો મૂલની માફક ન માનતા હો, તો જે ઇરાદાથી ઘરમાં નવે ગ્રહોની સ્થાપના કરો છો, તે ઇરાદો સફળ નહિજ થવાનો. વળી એમ કહો કે 'ગ્રહણ વખતે તો મૂલગ્રહ છે. અને તે પ્રત્યક્ષ થાય છે,' તો તે પણ ઠીક નથી. તે વખતે પણ મૂલગ્રહ તો પરોક્ષજ રહે છે, અને જે કંઈ દેખાય છે, તે તેના વિમાનની છાયા દેખાય છે. છાયાથી કંઈ વસ્તુઓ અસ્પૃશ્ય થઈ શકતી નથી. અને કદાચિત્ થતીજ હોય, તો તો ઘરની તમામ વસ્તુઓ અસ્પૃશ્ય થઈ જવી જોઈએ ? અને જો સમસ્ત ચીજોને અસ્પૃશ્ય માનતા હો, તો શા માટે ઘી, ગોળ, અને અન્નાદિને ફેંકી દેતા નથી ? શા માટે ઘરની અંદરના તમામ વસ્ત્રોને ધોતા નથી ? આ ઉપર પણ અગર કોઇ એમ કહે કે–'તે વસ્તુઓમાં ડાભ રાખવાથી અસ્પૃશ્ય થતી નથી.' તો તે, પણ ખોટું છે. તમે એમ તો બતાવો કે 'આ વાત ઉપર તમારી શ્રદ્ધાજ છે કે વાસ્તવમાં તેવો અનુભવ કરો છો ?' જો શ્રદ્ધા કહેશો, તો તે, યુક્તિસંગત નહિં હોવાથી પ્રામાણિક સમાજમાં તે વાત માન્ય થઈ શકશે નહિં. 'तुष्यतु दुर्जनः' એ ન્યાયથી કદાચ એમ પણ માની લેવામાં આવે કે ડાભની એક એક સળી રાખવાથી તે વસ્તુઓ અસ્પૃશ્ય થતી નથી, તો પછી તમામ વસ્તુઓમાં ડાભની સળી મૂકીને અસ્પૃશ્ય થતી અટકાવવી જોઈએ, અને તેમ કરવાથી સ્નાન, લીંપણ અને જૂના જમાનાનાં માટીનાં વાસણો ફોડવાનો તો વખત ન આવે !

પ્રિયપાઠક ! સંસારમાં આગ્રહ પણ એક એવી વસ્તુ છે કે જે સત્યવસ્તુનો પણ સ્વીકાર કરવા દેતી નથી. જો તેમ ન હોય, તો

પ્રત્યક્ષ નુકસાનો અને શાસ્ત્રની આજ્ઞા નહિં હોવા છતાં મનુષ્યો રાત્રિ-ભોજન કરે ખરા કે ? અને આવી ખોટી રીતે ગ્રહણની મહિમા માને ખરા કે ? ગ્રહણની વાસ્તવિક હકીકત આ પ્રમાણે છે:—

રાહુ બે પ્રકારના છે:–૧ નિત્યરાહુ અને ૨ પર્વરાહુ. નિત્યરાહુ હમેશાં ચન્દ્રની સાથે લાગેલોજ રહે છે, અને પર્વરાહુ પૂર્ણિમા અથવા અમાવાસ્યાના દિવસે ચન્દ્ર અથવા સૂર્યને ઘેરી લે છે. હવે વિચારવું જોઇએ કે નિત્યરાહુથી અશુદ્ધિ ન માનવી અને પર્વરાહુથી અશુદ્ધિ માનવી, એ પણ એક જાતની વિચિત્રતાજ ને ! અને એ તો ચોક્કસ છે કે નિત્યરાહુ દરેકે માનવો પડશે. જો ન માનવામાં આવે તો દ્વિતીયાથી લઈ કરીને પૂર્ણિમા સુધી ચન્દ્રને ક્રમશ: ઉઘડતો કેમ દેખવામાં આવે છે ? કદાચ કોઇ કહે કે એ તો પૃથ્વીની છાયા પડે છે, પરંતુ તેમ નથી, કેમકે ચંદ્રની સાથે રાહુનું વિમાન ચંદ્રથી થોડુંક નીચે ગતિ કરે છે, જેમ જેમ ચન્દ્રની ગતિ વધતી જાય છે, અને રાહુની ગતિ કમ થતી જાય છે, તેમ તેમ ચંદ્ર પ્રકાશિત થતો જાય છે. આ વાત જૈનશાસ્ત્રોમાં યુક્તિપૂર્વક ઘણા વિસ્તારથી બતાવી છે. આ પ્રસંગે એ સ્પષ્ટ જણાવવું જોઇએ, કે જૈનો પણ ગ્રહણ સમયે આહાર કે પઠન–પાઠન કરતા નથી. તેનું કારણ એ છે કે–અપ્રકાશ, અને ગ્રહગતિ વક્ર હોવાથી તે સમયને તુચ્છ માનવામાં આવે છે.

આ ઉપરની હકીકતથી વાંચકો સમજી શકયા હશે કે જ્યારે ગ્રહણના સમયમાં પણ ભોજન કરવાનો તદ્દન નિષેધ છે, તો પછી રાત્રિના સમયે તો ભોજનનો સુતરાં નિષેધ થઇ ચૂકયો. રાત્રિભોજનને માટે **માર્કંડેયપુરાણમાં** તો વળી ત્યાં સુધી કહ્યું છે:—

**“ अस्तंगते दिवानाथे आपो रुधिरमुच्यते ।**
**अन्नं मांससमं प्रोक्तं मार्कण्डेन महर्षिणा ” ॥ १ ॥**

સૂર્ય અસ્ત થતાં પાણી રૂધિર ( લોહી ) સમાન થાય છે,

અને અન્ન માંસ તુલ્ય કહેલું છે. આ વાત માર્કંડેયપુરાણમાં માર્કંડ ઋષિએ કહી છે. વળી પણ કહ્યું છે:—

" रक्तीभवन्ति तोयानि अन्नानि पिशितानि भोः ! ।
रात्रौ भोजनसक्तस्य ग्रासे तन्मांसभक्षणम् " ॥ १ ॥

પાણી રક્ત થાય છે અને અન્ન માંસ થાય છે. રાત્રિના સમયમાં ભોજન કરનાર મનુષ્યને ગ્રાસ (કોળીયા) માં પણ માંસ ભક્ષણ કહેલું છે.

હવે કેટલાકો એમ પણ કહે છે કે–" પુરાણોમાં '**પ્રદોષવ્રત**' '**નક્તવ્રત**' બતાવેલાં છે. તેમ કોઈ કોઈ સ્થળે એમ પણ કહ્યું છે કે: **द्विर्वारं द्विजानां भोजनं, प्रातः सायञ्च** । ઇત્યાદિ શાસ્ત્રોનું પાલન રાત્રિભોજન સિવાય કેમ થઈ શકશે ? " આનો ઉત્તર વિચારવાથી સહજ સમજાય તેમ છે. ' प्रदोष ' રાત્રિના મુખને કહેવામાં આવે છે. ' प्रदोषो रजनीमुखम् । ' હવે રાત્રિનું મુખ બે ઘડી દિવસ બાકી હોય, ત્યારથી ગણવામાં આવે છે, માટે પ્રદોષવ્રતવાળાને રાત્રિએ ભોજન કરવાની જરૂરીઆત નથી. જ્યારે બે ઘડી ( ૪૮ મીનીટ ) દિવસ બાકી હોય, તેજ વખતે એકાશન કરીને ભોજન કરી લેવું જોઇએ. નક્તવ્રતને માટે પણ તેવોજ નિયમ છે:—

" दिवसस्याष्टमे भागे मन्दीभूते दिवाकरे ।
नक्तं तद्विजानीयान्न नक्तं निशिभोजनम् " ॥ १ ॥

દિવસના આઠમા ભાગમાં સૂર્યનું તેજ ન્યૂન થતાં ' નક્ત ' જાણવું જોઇએ. રાત્રિને ' નક્ત ' સમજવાનું નથી. અન્યત્ર પણ આજ પ્રમાણે લખ્યું છે:—

" मुहूर्त्तोनं दिनं नक्तं प्रवदन्ति मनीषिणः
नक्षत्रदर्शनान्नक्तं नाहं मन्ये गणाधिप ! " ॥ १ ॥

હે ગણાધિપ ! એક મુહૂર્ત ન્યૂન દિવસને બુદ્ધિમાન મનુષ્યો **નક્ત** કહે છે. નક્ષત્રદર્શનથી હું **નક્ત** માનતો નથી.

ઉપરની હકીકતથી '**પ્રદોષવ્રત**' અને '**નક્તવ્રત**' નું સમાધાન સારી રીતે થઇ શકે છે. હવે રહી એક વાત કે–'બ્રાહ્મણોએ બે વાર ભોજન કરવું, સાયંકાલ અને પ્રાતઃકાલ.' આમાં પણ પ્રાતઃકાલનો તો વિવાદ છે જ નહિ. 'સાયંકાલ' ને માટે મતભેદ છે. 'સાયંકાલ' ના સમયને 'રાત્રિનો સમય' તો કોઈ પણ કહેવાની હિમ્મત કરી શકશે નહિ, કેમકે જો અહિં રાત્રિનો જ સમય લેવાનો હત, તો 'સાયંકાલ' ના બદલે 'રાત્રિકાલ' શબ્દ લખતે. રાત્રિના સમયને વ્યવહારમાં પણ કોઈ સાયંકાલ બોલતું નથી. હવે 'સાયંકાલ' ના સમયને 'સૂર્યાસ્તનો સમય' કહે, તો તે પણ ઠીક નથી, કેમકે સૂર્યાસ્તના સમયે તો રાત્રિભોજનનો સર્વથા નિષેધ જ બતાવવામાં આવેલો છે. અતએવ કહેવું અને માનવું પડશે કે–'સાયંકાલ' શબ્દથી સૂર્યાસ્તથી પહેલાં બે ઘડી સુધીનો સમય છે. એટલે સાંજના ચાર કે પાંચ વાગ્યાનો સમય સમજવો જોઈએ. લોકમાં પણ એવી રૂઢિ જોવામાં આવે છે, કે કોઈ માણુસ કોઇને એમ કહે કે 'ભાઈ સાંજે પધારજો.' ત્યારે તે સૂર્યાસ્ત પહેલાંજ તેની પાસે જશે. નહિં કે સૂર્યાસ્ત વખતે યા રાત્રિએ જશે. અગર સૂર્યાસ્ત પછી બોલાવવો હશે, ત્યારે તો તે 'રાત્રે પધારજો' એમજ કહેશે.

ઉપર્યુક્ત દૃષ્ટાન્ત અને શાસ્ત્રીય પ્રમાણોથી એ નિશ્ચય દેખાય છે કે રાત્રિભોજન કરવું, આર્યવર્ગને માટે સર્વથા અનુચિતજ છે. હવે લગાર વૈદ્યક નિયમ તરફ દૃષ્ટિપાત કરીએ. આયુર્વેદમાં કહ્યું છે.

" **हृन्नाभिपद्मसंकोचश्चण्डरोचिरपायतः ।**
**अतो नक्तं न भोक्तव्यं सूक्ष्मजीवादनादपि** " ॥ १ ॥

સૂર્યાસ્ત પછી હૃદયકમલ અને નાભિકમલ બન્નેનો સંકોચ થાય છે, અને સૂક્ષ્મ જીવો ભોજનમાં આવે છે, માટે રાત્રિભોજન કરવું નહિ.

અહિં એ શંકાને અવકાશ મળે છે કે-" પહેલાં ' नक्त ' શબ્દનો અર્થ ' દિવસનો આઠમો ભાગ ' કરવામાં આવ્યો હતો અને અહિં ' नक्त ' શબ્દનો અર્થ ' રાત્રિ ' કરવામાં આવ્યો, એનું શું કારણ ? " એનું કારણ આ છેઃ—શબ્દોની પ્રવૃત્તિ બે પ્રકારની હોય છે. ૧ મુખ્ય, અને ૨ ગૌણ. ઉપરના શ્લોકમાં ' नक्त ' શબ્દનો અર્થ 'રાત્રિ' કરવામાં આવ્યો છે, તે મુખ્ય રીતિથી કરવામાં આવ્યો છે, અને જ્યાં ' नक्तव्रत ' ની વ્યાખ્યા કરવામાં આવી છે, ત્યાં ' नक्त ' શબ્દનો અર્થ ગૌણ રીતે કરેલો છે, એટલે કે જ્યાં મુખ્ય અર્થને બાધા આવતી હોય, ત્યાં ગૌણ અર્થ કરવો જ જોઇએ. અન્યથા પરસ્પર વિરૂદ્ધવાક્ય થઈ જવાથી શાસ્ત્રો નકામાં થઇ જાય છે. જૂઓ, રાત્રિભોજનને ભોજનમાં ન ગણતાં ' અભોજન ' માં ગણેલ છે. કહ્યું છેઃ—

" देवैस्तु भुक्तं पूर्वाह्णे मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्णे च पितृभिः सायाह्ने दैत्यदानवैः ॥ १ ॥
सन्ध्यायां यक्षरक्षोभिः सदा भुक्तं कुलोद्भव ! ।
सर्ववेलामतिक्रम्य रात्रौ भुक्तमभोजनम् " ॥ २ ॥

હે કુલોદ્ભવ ! હે યુધિષ્ઠિર ! હમેશાં દરેક જીવો પોતપોતાની મર્યાદા અનુસાર ભોજન કરે છે. જેમકે–દિવસના પૂર્વ ભાગમાં દેવો, મધ્યાહ્નમાં ઋષિયો, બપોર પછી પિતૃલોકો, સાયંકાલે દૈત્ય દાનવો અને સંધ્યા સમયે યક્ષો–રાક્ષસો ભોજન કરે છે. અત એવ આ બધા સમયને છોડીને રાત્રિભોજન સર્વથા અભોજન જ છે.

આ પ્રમાણે સ્પષ્ટ વચન હોવાથી ' नक्तव्रत ' ની વ્યાખ્યા વખતે ગૌણાર્થની ખાસ જરૂરીયાત રહેલી છે. અગર તેવો અર્થ ન કરવામાં આવે, તો અહિં રાત્રિભોજનને ' अभोजन ' કેમ કહેવામાં આવ્યું ? તેનો શો બચાવ કરી શકાશે ? માટે સમજવું જોઇએ કે- ' प्रकरणाधीनोऽर्थः ' શબ્દોના અર્થ પણ પ્રકરણને અનુસરીને થાય છે. વળી એક સ્થળે એમ પણ કહ્યું છેઃ—

" नैवाहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः " ॥ १ ॥

રાત્રિમાં આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવપૂજન અને દાન, એટલાં વાનાં નહિં કરવાં જોઈએ, તેમાં પણ ભોજન તો વિશેષે કરીને ન કરવું.

રાત્રીભોજનને માટે આવાં સ્પષ્ટ પ્રમાણો હોવા છતાં, ખેદનો વિષય છે કે–કેટલાક રસનેન્દ્રિયના લાલચુ મનુષ્યો નિર્માલ્ય વચનોને આગળ કરીને રાત્રિભોજન કરતાં અચકાતા નથી, એટલું જ નહિં, પરન્તુ બીજા ભોળા લોકોને પણ રાત્રિભોજન કરવા તરફ દોરે છે. આવા રાત્રિભોજનમાં આનંદ માનનારા મહાનુભાવોએ વિચાર કરવો જોઈએ છે કે–રાત્રિભોજનથી કેવી કેવી આફતો ઉઠાવવી પડે છે ? રાત્રિભોજન કરનારને એ તો ખબર જ નથી રહેતી કે–ભોજનમાં કેવા પ્રકારના જીવો આવીને પડે છે. અને જો તેવા જીવો આવીને પડે, અને તે પેટમાં જાય તો કેવી કેવી જાતના રોગો ઉત્પન્ન થાય છે ? તેને માટે **યોગશાસ્ત્રમાં** કહ્યું છે કેઃ—

" मेधां पिपीलिका हन्ति यूका कुर्याज्जलोदरम् ।
कुरुते मक्षिका वान्ति कुष्ठरोगं च कोलिकः ॥ १ ॥
कण्टको दारुखण्डं च वितनोति गलव्यथाम् ।
व्यञ्जनान्तर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥ २ ॥
विलग्नश्च गले वालः स्वरभङ्गाय जायते ।
इत्यादयो दृष्टदोषाः सर्वेषां निशिभोजने " ॥ ३ ॥

જો ભોજનમાં કીડી આવે, તો તે બુદ્ધિનો નાશ કરે છે, જૂ આવે, તો જલોદર થાય છે, માંખ આવે તો વમન કરે છે, કરોળીયો કોઢને કરે છે, લાકડાનો કકડો ગળામાં આવે, તો વ્યથા થાય છે, શાકાદિમાં જો વીંછી આવે તો, તાળવાને તોડીને પ્રાણનો નાશ કરે છે અને ગળામાં જો વાળ આવે, તો તેથી સ્વરભંગ થાય છે.

ઇત્યાદિ શરીર સંબંધી પણ અનેક ભયો રાત્રિભોજન કરનારા દરેક મનુષ્યોને રહેલા છે.

ઉપરના તમામ દોષોને ધ્યાનમાં લઇને, રાત્રિભોજન કરનારાઓએ તેનો ત્યાગ કરવો જોઇએ. આ પ્રસંગે જૈનેતરોની અપેક્ષા કેટલાક નામધારી જૈનો ઉપર આ લેખકને વધારે ભાવ દયા ઉત્પન્ન થાય છે કે જેમાંના કેટલાક પ્રમાદથી રાત્રિભોજન કરે છે, કેટલાક પરાધીનતાથી રાત્રિભોજન કરે છે અને કેટલાક રસનેન્દ્રિયની લાલચથી રાત્રિભોજન કરે છે. આ ત્રણ કારણો પૈકી પહેલાં બે કારણોથી રાત્રિભોજન કરનારા ઉપદેશ દેવાથી મુક્ત થઇ શકે ખરા, પરન્તુ ધનના મદમાં અંધ બનીને રસનેન્દ્રિયના વિષયોમાં લંપટ થયેલા, વિષયજન્ય સુખના અભિલાષિયો, અઘટિત સ્વતંત્રતાના ભોગી થઇને વાર્તમાનિક કેળવણીનો દુરૂપયોગ કરવાવાળા જે શ્રાવકપુત્રો રાત્રિભોજન કરી રહ્યા છે, તેઓ ઉપદેશથી દૂર થઇ શકે કે કેમ ? એ એક શંકાસ્પદ વાત છે.

મેં એક વખત પ્રત્યક્ષ જોયું છે કે, મેં જે મકાનમાં સ્થિરતા કરી હતી, તેજ મકાનમાં ચાર સારા જૈન ગૃહસ્થો આવીને ઉતર્યા હતા. ચતુર્દશીનો દિવસ હતો, રાત્રિના નવ વાગ્યાનો સમય હતો. આ વખતે તે ચારે ગૃહસ્થો અંધારામાં બેસીને ખૂબ ગરમ ગરમ દૂધ પીતા હતા. આ વખતે ન્હોતું ચતુર્દશીનું ભાન, કે ન્હોતી કોઇ જાતની શંકા. એકાએક હું તેમની પાસે જઇ ચઢ્યો અને બે વચનો કહ્યાં, ત્યારે તેમણે કહ્યું:–' સાહેબજી ! શું કરીએ ? ' હા, દૈવ ! આવા રસનેન્દ્રિયમાં લંપટ થયેલા જીવોથી શું વીરશાસનનો વિજય થશે ? બસ, તે વખતે મ્હારા મનમાં એજ વિચાર આવ્યો. હું જ્યારે મુંબાઇમાં વસતા શ્રાવકોની આ સંબંધી સ્થિતિ સાંભળું છું, ત્યારે ખરેખર અસંતોષ થયા સિવાય રહેતો નથી. આવા પ્રસંગોમાં તો તે એકજ વીરરત્ન દાનવીર મર્હૂમ શેઠ વીરચંદ દીપચંદ યાદ આવે છે કે, તેના માથે કામનો અસાધારણ બોજો હોવા છતાં અને મ્હોટા મ્હોટાઓનો રાત દિવસ સમાગમ રહેવા છતાં, તેમણે

પોતાનાં બાલ્યાવસ્થાનાં અમુક વર્ષો બાદ કરીને બાકીની આખી જિંદગી સુધી રાત્રિભોજન કર્યું જ ન્હોતું.

આવી રીતે તમામ આત્મકલ્યાણાભિલાષી પુરૂષોએ અને શરીરને નિરોગ રાખવાની ઇચ્છા રાખનારાઓએ રસનેન્દ્રિયના વિષયોની લોલુપતા ઓછી કરી રાત્રિભોજનનો ત્યાગ કરવો જોઇએ. વળી હું ન ભૂલતો હોઉં તો, એક વખત સરકારી રીપોર્ટમાં એવું પ્રકાશિત થયું હતું કે બીજા શહેરોની અપેક્ષાએ અમદાવાદમાં દારૂને પીવાવાળા ઘણા મનુષ્યો છે, તેમાં વળી જૈનોની સંખ્યા વધારે. મહાન્ ખેદનો વિષય છે કે જે નગરી ખાસ એક જૈનપુરી ગણાતી હોય અને જ્યાં જૈન મુનિયોની સંખ્યા સારા પ્રમાણમાં હમેશાંને માટે હયાતી ધરાવતીજ હોય, ત્યાંના જૈનોને માટે આવાં વચનો બહાર આવે, એ શું થોડું લજ્જાસ્પદ છે ? આ બધું શાનું પરિણામ છે ? એકજ રસનેન્દ્રિયના વિષયોની લાલચ. જો રસનેન્દ્રિયના વિષયોની લોલુપતા ઓછી હોય, તો જૈન જેવી ઉત્તમ જાતિમાં પણ આવો દુરાચાર કદાપિ પ્રવેશ કરી શકેજ નહિં. અહિં મને એક નાનકડું દૃષ્ટાંત યાદ આવે છે—

એક ભિલ્લ, મ્હોટા અરણ્યમાં ટાઢ, તડકો, ઝંઝાવાત વિગેરે અનેક કષ્ટોને સહન કરતો, અને ચારે પુરૂષાર્થોને બિલકુલ નહિં સમજતાં પશુની માફક આહાર અને મૈથુનાદિનું સેવન કરતો પોતાનું જીવન વ્યતીત કરી રહ્યો હતો. કોઇ એક દિવસે ઘણાં કષ્ટો પૂર્વક તેને દ્રવ્યની પ્રાપ્તિ થઇ. આ દ્રવ્યથી તે મદ્ય અને માંસ લાવીને એક વૃક્ષની નીચે બેસી તેનું ભક્ષણ કરતો હતો. આવા પ્રસંગમાં એક અજગર તેને ગળવા લાગ્યો. જ્યારે અડધો ગળી ચૂકયો; ત્યારે તે ભિલ્લ ઘણું કષ્ટ પડવાથી બેભાન થયો. એટલામાં આકાશ માર્ગે ગમન કરતા એક વિદ્યાધરે તેને જોયો. તેને કરૂણા ઉત્પન્ન થઇ, તેથી તેણે નીચે આવી અજગરના મુખમાંથી તેને બહાર કાઢી બચાવી લીધો. આવી ભયંકર અવસ્થામાં પણ પેલો ભિલ્લ વિદ્યાધરને કહેવા લાગ્યો— ' હે સત્પુરૂષ ! અહિંથી થોડી દૂર મ્હારૂં માંસ અને મદ્ય પડેલું છે, તે મ્હને લાવી આપો, તો હું આપની દયાથી તે મદ્ય માંસનું ભક્ષણ

કરી સુખાનુભવ કરૂં.' આ પ્રમાણે બોલતો બોલતોજ તે પંચત્વ પામ્યો, અને નરકગામી થયો. વિદ્યાધર રસનેન્દ્રિયની લોલુપતા જોઇને વિચાર કરવા લાગ્યો કે—' અહો ! રસનેન્દ્રિય ! શું તેં કોઇને પણ છોડયો છે ? રંક હોય કે રાજા હોય, શેઠ હોય કે નોકર હોય, સ્ત્રી હોય કે પુરૂષ હોય, અથવા વૃદ્ધ હોય કે બાલ હોય, કોઈ પણ હોય, દરેકને તેં ત્હારા દાસ બનાવ્યા છે. અરે ! મ્હોટા મ્હોટા મુનિવરો પણ રસનેન્દ્રિયથી પરાજિત થઇને દુર્ગતિના ભાગી બન્યા છે. રસનેન્દ્રિયને આધીન થયેલો કોઈ પણ મનુષ્ય, પછી તે ગૃહસ્થ હોય કે સાધુ, આત્મકલ્યાણ કરવામાં ભાગ્યશાલી બનતોજ નથી. વળી જ્યાં રસનેન્દ્રિયના વિષયની લોલુપતા હોય છે, ત્યાં મૃષાવાદિતા, દંભતા અને પક્ષપાતાદિ અનેક દુર્ગુણો આવીને ઉભા રહે છે. એવા ત્યાગી સાધુઓ, કે જેમણે પાંચ મહાવ્રતો લીધેલાં છે, જેમણે સમસ્ત કુટુંબાદિનો ત્યાગ કરેલ છે, તેમ જેને ગામ, ઘર, ક્ષેત્ર, અને ધન-ધાન્યાદિ કંઇ પણ ચીજ છે નહિં, ત્હેવા સાધુઓને પણ રસનેન્દ્રિય, મૃષાવાદિતારૂપ દુર્ગુણોને શીખવાડે છે. જેમ-કોઈ સાધુ ગૌચરી ગયા. ત્હેને અમુક ધારેલા ઘરે જવું છે, પરન્તુ રસ્તામાં કોઈ ભાવિક અને ગરીબ શ્રાવક મળી ગયો. તેણે વિનતિ કરી કે ' મહારાજ ! પધારો. લાભ આપો.' ત્યારે તે રસનેન્દ્રિયને આધીન થયેલ સાધુ કહે છેઃ—' મ્હારે ખપ ( જરૂર ) નથી.' કહો, આનું નામ મૃષાવાદ ખરૂં કે નહિં ? બીજું પણ જૂઓ-કોઈ ગૃહસ્થના ઘરે મુનિ ગયા. તે સમયે ચાર લાડુ વ્હોરાવા માટે તે શ્રાવક યા શ્રાવિકાએ ઉઠાવ્યા. મુનિની ઇચ્છા ચારે લાડુ લેવાની છે. પરન્તુ ઉપર ઉપરથી સાધુ ' ના ' ' ના ' કહેતા જાય છે, અને પાતરૂં આગળ ધરતા જાય છે. વળી મનમાં ઇચ્છે છે કે, ચારે લાડુ પાતરામાં મૂકી દે તો સારૂં. કહો, આને દંભતા સિવાય બીજું કંઇ કહી શકાય તેમ છે ? હવે પક્ષપાતપણાનું દૂષણ પણ સ્પષ્ટ જણાય તેમ છે. જે શ્રાવકના ઘરમાં આહાર, પાણી, પુસ્તક, પાત્ર, અને ઔષધાદિ, પોતાની ( સાધુની ) ઇચ્છા મુજબ મળતાં હોય, તે શ્રાવકના વિદ્યમાન દૂષણોને ઢાંકીને, અવિદ્યમાન ગુણોનું ગાન કરવામાં આવે, અને જે બિચારો પૂણીયા

શ્રાવકની માફક નીતિયુક્ત વ્યાપાર કરતો હોય, અને સામાયિક, પૌષધ, દેવપૂજાદિ ધર્મકૃત્યો કરતો હોય, તેની સાથે વાત પણ ન કરે, સામાયિક કે પૌષધ કરવા આવ્યો હોય, તો બીજા સાધુને ભળાવી દે, અને જો પેલો શેઠ-પાતરાંને ભરી દેવાવાળો આવ્યો હોય તો પોતે 'પધારો' 'પધારો' કરીને સારી રીતે ખુશામત કરે, પછી ભલે આહાર-પાણીનો કે પઠનપાઠનનો સમય પણ બરબાદ કેમ ન જાય. આ વખતે તપસ્વી, ગ્લાન, બાલ વિગેરે સાધુઓ ભૂખ્યા તરસ્યા બેશી રહ્યા હોય, તો એ શું ? ગુરૂજી તો શેઠની સાથે મન ગમતી વાતો હાંકવામાં લાગ્યા જ રહે, અને જ્યારે શેઠ જાય, ત્યારેજ સાધુઓ, ગુરૂજીના પધારવા પછી આહાર-પાણીની મુલાકાત લઇ શકે. કહો, આનું નામ તે પક્ષપાત કે બીજું કંઇ ?

સમજવું જરૂરનું છે કે-દશવૈકાલિક સૂત્રમાં મુધા દાઈ, મુધા જીવી, બન્નેની પ્રશંસા કરેલી છે, અને બન્નેને સ્વર્ગભાગી કહ્યા છે, પરન્તુ એક રસનેન્દ્રિયના વિષયોમાં લંપટ અને બીજો કીર્ત્તિ વિગેરેનો ભૂખ્યો-આ બન્ને દુર્ગતિના ભાગી થાય છે. અતએવ પૂર્વોક્ત તમામ દોષો રસનેન્દ્રિયથી ઉત્પન્ન થાય છે, એમ જાણી રસનેન્દ્રિયને વશ ન થતાં, રસનેન્દ્રિયને પોતાને વશ કરવા દરેક મોક્ષાભિલાષી પુરૂષોએ પ્રયત્ન કરવો જોઇએ.

## ઘ્રાણેન્દ્રિય.

હવે **ઘ્રાણેન્દ્રિયના** વિષયોથી ઉત્પન્ન થતા દોષો તપાસીએ. કહ્યું છે:—

" **नानातरुप्रसवसौरभवासिताङ्गो**
**घ्राणेन्द्रियेन मधुपो यमराजधिष्ण्यम् ।**
**गच्छत्यशुद्धमतिरत्र गतो विशक्ति**
**गन्धेषु पद्मसदनं समवाप्य दीनः "** ॥१॥

ભિન્ન ભિન્ન જાતિનાં વૃક્ષોથી ઉત્પન્ન થયેલા મકરંદવડે કરીને સુગંધિત શરીરવાળો, દીન અને અશુદ્ધ મતિવાળો ભ્રમર, કમલરૂપ

ઘરને પ્રાપ્ત કરીને ઘ્રાણેન્દ્રિયની લોલુપતાથી યમરાજની રાજધાનીમાં જાય છે. અર્થાત્—મરણને શરણ થાય છે.

જો કે, જગત્માં જે જે પ્રાણિયોને નાક છે, તે તમામ પ્રાયઃ તેના વિષયને આધીન બનેલા છે, તો પણ માત્ર એકજ ભ્રમરનું દૃષ્ટાન્ત આપણે બારીકાઇથી તપાસીએ, જેથી માલૂમ પડશે, કે ઘ્રાણેન્દ્રિયના વિષયની લોલુપતામાં કેવું ખરાબ પરિણામ આવે છે ?

ભ્રમર ચાર ઈંદ્રિયોવાળો હોય છે. પરન્તુ તેમાં તેને ઘ્રાણેન્દ્રિયનો વિષય વધારે હોય છે. જ્યાં પુષ્પનો મકરંદ કે બીજી કંઇપણ સુગંધિત વસ્તુની ગંધ આવે છે, કે તુર્ત તે ત્યાં જાય છે. આજ નિયમાનુસાર સૂર્યવિકાશિક કમલવનમાં પણ તે જાય છે. ત્યાં કમળપર બેસીને સુગન્ધ લેવામાં એટલો બધો લીન થઇ જાય છે કે–સૂર્યાસ્તના સમયને પણ તે જાણતો નથી. ધીરે ધીરે સૂર્યાસ્તની સાથે કમલ પણ બંધ થઇ જાય છે. પેલો ભ્રમર અંદર સપડાઈ જાય છે. રાત્રિના સમયમાં તે વિચાર કરે છે કે–હમણાં પ્રાતઃકાળ થશે, અને હું બહાર નિકળી જઇશ. પરન્તુ તે સૂર્યોદય થતાં થતાં તો અંદરનો અંદર મુંઝાઇને સ્વાહા થઈ જાય છે. અથવા એવું પણ કોઈ વખત બને છે કે, વનહાથી ત્યાં આવી ચઢે છે અને પેલા કમળના છોડને એકદમ પોતાની સૂંઢથી ઉઠાવી ભક્ષણ કરી જાય છે. બસ, ભ્રમર પણ છોડની સાથેજ હાથીનું ભક્ષ્ય બની જાય છે, અને ભ્રમરની પહેલાંની બધી આશાઓના ઉપર નિરાશાનો કુહાડો પડે છે.

આવીજ રીતે કેટલાક રાજકુમારો અને શોખીન જીવડાઓ પુષ્પાદિના સુગન્ધનો પૂર્ણ આસ્વાદ લેવામાં બિલકુલ આસક્ત રહે છે. તે લોકોને પણ કોઈ વખતે ભ્રમરની ભાઇબન્ધી કરવાનો વખત આવે છે; અર્થાત્ જેવી ભ્રમરની દશા થાય છે, તેવી તેઓની પણ દુર્દશા થાય છે. સુગન્ધિત વસ્તુઓમાં ઝેરી જીવોનો ઉપદ્રવ હોય છે. જેમકે પુષ્પાદિમાં તામ્બુલિયો નાગ ( ન્હાનો જીવ ) રહે છે. તેના કરડવાથી મનુષ્યનું મરણજ થાય છે. આ વાતની શાસ્ત્રોજ સાક્ષી આપે છે, એમ નહિં, પરન્તુ ઘણી વખત એવા બનાવો બનતા દેખવા-

સાંભળવા અને વાંચવામાં પણ આવે છે. ઘ્રાણેન્દ્રિયાધીન પુરૂષને સંપૂર્ણ રાગવાન્ પણ ગણવામાં આવે છે, અને રાગની સાથે દ્વેષ તો અવ્યભિચરિતપણે રહેલોજ હોય છે. આ રાગ-દ્વેષના મિત્રો કામ, ક્રોધ અને લોભાદિ તો સાથમાં ને સાથમાંજ રહે છે. જ્યાં આ બધી સામગ્રી મળે, ત્યાં મનુષ્યનું કલ્યાણ કોઈ કાળે પણ થઈ શકે ખરૂં કે ? કદાપિ નહિં. અતએવ બુદ્ધિમાન્ પુરૂષોએ આ બધાં દૂષણોના કારણભૂત ઘ્રાણેન્દ્રિયના વિષયોમાં લુબ્ધ ન થતાં ઘ્રાણેન્દ્રિયને પોતાને આધીન કરી લેવી જોઈએ.

## ચક્ષુરિન્દ્રિય.

" सज्जातिपुष्पकलिकेयमितीव मत्वा ,
दीपार्चिषं हतमतिः शलभः पतित्वा ।
रूपावलोकनमना रमणीयरूपे
मुग्धोऽवलोकनवशेन यमास्यमेति " ॥१॥

દીપકની જ્યોતિને, સુંદરજાતિનાં પુષ્પોની આ કલી છે, એમ સમજીને રમણીય રૂપમાં મુગ્ધ અને રૂપ દેખવામાં રાજી રહેવાવાળું પતંગ ( જીવ ) દીપકની શિખામાં પડીને મૃત્યુને પામે છે.

' પતંગ ' નામનું પ્રાણી ચક્ષુરિન્દ્રિયાધીન બનીને પોતાના પ્રાણોને અગ્નિમાં હોમી દે છે. પતંગ ચાર ઇંદ્રિયોવાળું પ્રાણી છે. તે રાત્રે દીવાની જ્યોતિને દેખીને, મન નથી છતાં, લોભસંજ્ઞાના જોરથી તે જીવ અગ્નિમાં મોહિત થઇને ઝંપાપાત કરે છે. ત્યાં અસહ્ય વેદનાનો અનુભવ કરીને પોતાના જન્મને સમાપ્ત કરી દે છે. આવીજ રીતે જગત્ના પ્રાણિયો ચક્ષુરિન્દ્રિયને આધીન થઇને પોતાનું સર્વસ્વ ખોઈ નાખે છે. કેટલાક અજ્ઞાની જીવો પરદ્રવ્ય અને પરસ્ત્રીપર ખરાબ દૃષ્ટિ કરીને વ્યર્થ નરક યોગ્ય કર્મોને ઉપાર્જન કરે છે. દૃષ્ટાન્ત જૂઓઃ—

" ધારો કે બજારમાં પાંચ આદમીયો બેઠેલા છે, તેવામાં કોઈ તરૂણ અવસ્થાવાળી સ્ત્રી સુંદર પોષાક પહેરીને ચાલી આવે છે. હજૂ

સંપૂર્ણતયા કુલ, જાતિ, નામ, ઠામ, રૂપ, ગુણ, વય વિગેરે ઠીક ઠીક લક્ષ્યમાં નથી આવેલ, તે પહેલાં તો અનાદિકાલની પ્રવૃત્તિ અને અજ્ઞાનતાએ પાંચે પુરૂષોમાં અસભ્ય વાર્તા શરૂ કરાવી. તેઓ વાતો કરવા લાગ્યા કે–' જૂઓ, આ કેવી સુંદર સ્ત્રી છે ? ' એમ કરતાં કરતાં શબ્દરચનામાં આગળ વધવાજ લાગ્યા. તેઓની શબ્દરચના અહિં આપવાની જરૂર નથી. માત્ર એટલુંજ બતાવવું જરૂરનું છે કે, તે લોકો કોઇ પણ જાતનો અર્થ–સ્વાર્થ નહિં હોવા છતાં કેવા દંડના ભાગી થાય છે ?

દૃષ્ટિને ખરાબ કરીને સર્પની માફક પરમર્મના ભેદમાત્રથી ઘણાં ઘોરકર્મો ઉપાર્જન કરે છે. જેમ સર્પ, મનુષ્યને ડસે છે, તેથી તેનું પેટ ભરાતું નથી. છતાં અન્યનો પ્રાણ લે છે. તેવીજ રીતે પરસ્ત્રીનું રૂપ જોવાવાળો, તત્સંબંધી ખરાબ વિચાર કરવાવાળો, તેમ અસભ્યશબ્દ બોલવા વાળો સ્ત્રીના અને સ્ત્રીના સંબંધિયોના મર્મને દુઃખિત કરનાર છે. તેના હાથમાં કુવિકલ્પ સિવાય બીજું કંઇ આવતું નથી. આ દોષ ચક્ષુરિન્દ્રિયના વિષયથીજ થાય છે, આ ચક્ષુરિન્દ્રિયનો વિષય, ગૃહસ્થોને, અરે ત્યાગી મહાત્માઓને પણ કેવી રીતે નીચે પાડી દે છે ? તેનો આબેહુબ ચિતાર આપનાર એક દૃષ્ટાન્ત ખાસ વિચારવા જેવું છે.

" એક શેઠના મકાનની પાસેજ એક બાવો ધૂણી લગાવીને બેઠો હતો. બ્રહ્મચર્યમાં પૂર્ણ હતો. શેઠની તેના ઉપર ઘણી ભક્તિ હતી. એક વખત્ તે શેઠની સ્ત્રીનું મુખલાવણ્ય આ બાવાના જોવામાં આવી ગયું. બાવો એકાએક તેણીના મુખલાવણ્યને જોતાંજ એવો કામાન્ધ થઈ ગયો કે, તે પોતાના તમામ કર્તવ્યને ભૂલી જઇ આર્ત્ત-ધ્યાનમાં મગ્ન થઇ ગયો. સ્ત્રી સિવાય તેના ધ્યાનમાં બીજી કોઇ વસ્તુ આવતીજ નહિં. સ્વાભાવિક રીતે એવો નિયમ હોય છે કે, જે મનુષ્યનું જે વસ્તુમાં ધ્યાન હોય છે, તે મનુષ્ય તે વસ્તુની તરફજ તાકયા કરે છે. બાવાજીની પણ તેવીજ સ્થિતિ થઇ. બાવાજી દિવસ અને રાત, પેલા શેઠના મકાન સામેજ જોઇ રહેવા લાગ્યા. ' હમણાં મોઢું

બહાર કાઢશે ? ' ' હમણાં બહાર નિકળશે. ' એના એ વિચારો તેમના હૃદયમાં જાગતા ને જાગતા રહેવા લાગ્યા. દિવસે દિવસે બાવાજીનું શરીર ચિંતામાં ને ચિંતામાં સૂકાવા લાગ્યું. શેઠને વિચાર થયો કે આજકાલ બાવાજી સૂકાતા કેમ જાય છે ? એક વખત શેઠે ભક્તિપૂર્વક પૂછ્યું કે–' મહારાજ ! આપને એવી શી ચિંતા આવી પડી છે, કે જેથી આપનું ચિત્ત ઉદાસ અને શરીર કૃશ થતું જાય છે ? આપના મનમાં જે કંઇ વાત હોય, તે આપ ખુશીની સાથે નિખાલસ હૃદયથી કહો. મારૂં ચાલશે, ત્યાં સુધી હું આપની ઇચ્છા પૂર્ણ કરીશ. ' બાવાજીએ કહ્યું:—' **क्या करुं! तेरी स्त्रीके रूप–लावण्यने मेरे मनको पराधीन बना दिया है । अब मैं तेरी स्त्रीके सिवाय और कुछ नहीं देखता ।** ' શેઠ સમજી ગયો. તે ત્યાંથી ઉઠીને પોતાને ઘેર આવ્યો અને સ્ત્રીને બાવાની હકીકત કહી, અને કહ્યું કે:– ' જો કે તું પતિવ્રતા અને સુશીલા છે, તે હું સારી રીતે જાણું છું. છતાં મેં જ્યારે તેને વચન આપ્યું છે, તો તું તેનું મન શાન્ત કર. ' સ્ત્રીએ પતિના વિચારને માન આપી કહ્યું:–' તમે બાવાજીને અહિં મોકલો. ' શેઠ બાવાજી પાસે ગયો અને બાવાજીને કહ્યું:— '**आप मेरे घर पर जाईये, मैं किसी कार्यके लिये बाहर जा रहा हूं ।**' બાવાજી મોહાન્ધ દશામાં ખુશી થતા થતા શેઠને ત્યાં ગયા. સ્ત્રીએ બાવાજીને સમ્માનપૂર્વક પલંગ ઉપર બેસાડ્યા, અને કહ્યું:–' મહારાજ ! તમે બેસો, હું મારા પતિની આજ્ઞા પ્રમાણે શૃંગાર સજીને આવું છું. ' સ્ત્રી શ્રૃંગાર સજવા ગઈ; એટલામાં બાવાજીની વિચારશ્રેણિ શુભોદયના કારણે ફરી:–' **अहो ! पतिव्रता और सुशीला होनेपरभी यह स्त्री, अपने पतिकी आज्ञासे, मेरे जैसे जटाजूट जोगीके साथ अधम कार्य करनेमें जराभी शंका नहीं करती । अपने पतिकी आज्ञाके पालनहीको धर्म समझती है । और मैं योगी, जितेन्द्रिय, ईश्वरभक्त और जगत्‌के प्राणियोंको उपदेश देनेवाला होनेपरभी मेरे स्वामीकी आज्ञाका खून करनेके लिये तय्यार हो रहा हूं । और मेरे अपूर्व योगको अग्निमें जला देनेके लिये यहां आया हूं । हाय ! मेरे जैसा दुनियामें अधम, नीच, दुष्ट, दुराचारी और**

कोई भी मनुष्य होगा ? धिक् मां धिक् ! धिक्कार है मुझको कि, मैं अन्ध होकरके ऐसे दुष्कृत्यमें भी प्रवृत्त हो रहा हूं । लेकिन—हे आत्मन् ! इस दुराचारमें प्रवृत्ति किसने कराई ? । दुष्ट चक्षुरिन्द्रियने ! '

આવો વિચાર કરતાં કરતાં બાવાજીને ક્રોધ દેવતા પ્રદીપ્ત થયો. આમ તેમ જોતાં બીજું કંઇ ન પ્રાપ્ત થતાં રેંટીયાની લોઢાની સળી તેમના દેખવામાં આવી. બસ, તે સળી લઇને ખચાખચ બન્ને આંખોમાં ખોશી ઘાલી–આંખો ફોડી નાંખી, તેથી લોહીની ધારા વહેવા લાગી, એટલામાં પેલી સ્ત્રી શૃંગાર સજીને આવી. અને જૂએ છે તો બાવાજીને ચક્ષુહીન દેખ્યા અને લોહી વહેતું જોયું. બાવાજીને પૂછયું:–'બાવાજી ! બાવાજી ! આ શું થયું ?' બાવાજીએ કહ્યું:–' लडकी ! जिसने मुझको पराधीन बनाया था, उसकोही मैंने दंड दे दिया । अब मैं जगत्की समस्त स्त्रियोंको अपनी माता, बहन और पुत्रियां समझता हूँ । ' આવી વાત ચાલતી હતી; તેવામાં પેલો ભક્ત શેઠ આવ્યો. તે તો બધું વૃત્તાન્ત જાણીને આશ્ચર્યમાં ગરકાવજ થઇ ગયો. પછી તે બાવાજીને ધીરે ધીરે તેમના આસને લઇ ગયો. "

સારાંશ એ લેવાનો છે કે–જે ચક્ષુરિન્દ્રિય આવા અનર્થોને કરે છે, તેજ ચક્ષુરિન્દ્રિયને જ્ઞાનપૂર્વક સારા કાર્યમાં જોડવામાં આવે, તો ઘણોજ લાભ થઇ શકે.

શ્રીમહાવીરદેવના શાસનમાં અનશન કરવાવાળા મેઘકુમારાદિ મુનિયોએ શરીરને વોસરાવા સમયે નેત્રની છૂટ રાખેલી, કેમકે નેત્ર સિવાય જીવદયા પાળી શકાતી નથી. જીવદયાને માટેજ સમસ્ત વ્યવહારના નિયમો છે. આ વાત સમસ્ત બુદ્ધિમાનોએ એકી અવાજે કબૂલ કરી છે. વળી નેત્રથીજ દેવાધિદેવની શાન્તમુદ્રાનાં પણ દર્શન થઇ શકે છે. રાવણ, આર્દ્રકુમાર અને રણધીરકુમાર જેવાઓએ નેત્રોદ્વારા જ પુણ્યોપાર્જન કર્યું છે. વર્તમાનકાળમાં પણ નેત્રોથીજ જિનરાજની મૂર્ત્તિને દેખીને અત્યન્ત લાભ મનુષ્યો ઉઠાવે છે. નેત્ર સિવાય

કંઈ શુભકાર્ય થઇ શકતું નથી. નેત્રોનો મહિમા ક્યાં સુધી બતાવવો ? નેત્રવિહીન પુરૂષથી જેમ દર્શન, જીવદયા વિગેરે કાર્યો થઈ શકતાં નથી, તેમ નેત્રહીન પુરૂષમાં લજ્જા પણ થોડી હોય છે. એક ભાષા-કવિ કહે છેઃ—

" સોએ ફૂલું હજારે કાણું, તેથી ભૂંડું નીચું ઠાણું;
જો પડે અંધાથી કામ, તો લજ્જા રાખે સીતારામ. "

અત એવ નેત્રો તો ઘણી કામની વસ્તુ છે. પરન્તુ દુરૂપયોગ નહિં કરવા માટે પ્રતિક્ષણ સાવધાન રહેવું જોઇએ. જે મનુષ્ય ચક્ષુરિન્દ્રિયનો દુરૂપયોગ કરે છે, તેને ભવાન્તરમાં અંધત્વ પ્રાપ્ત થાય છે. એટલા માટે અન્ધત્વ ન પ્રાપ્ત થાય અને ચક્ષુરિન્દ્રિયનો સદુપયોગ થાય, તેવું વર્તન રાખવા દરેક આત્મકલ્યાણાભિલાષી પ્રાણિયોએ ધ્યાન આપવું, એજ શ્રેયસ્કર છે.

## શ્રવણેન્દ્રિય.

હવે **શ્રવણેન્દ્રિયની** ચપલતા તપાસીએ.

" **दूर्वाङ्कुराशनसमृद्धवपुः कुरङ्गः**
**क्रीडन्वनेषु हरिणीभिरसौ विलासैः ।**
**अत्यन्तगेयरवदत्तमना वराकः**
**श्रोत्रेन्द्रियेन समवर्त्तिमुखं प्रयाति** " ॥ १ ॥

દુર્વા ( ધ્રો ) નાં અંકુરોથી શરીરને પુષ્ટ કરનાર, નવાં નવાં વિલાસોથી હરિણીની સાથે વનમાં ખેલનાર અને અત્યન્ત ગાનમાં દત્તચિત્ત રહેનાર બિચારૂં હરિણ, શ્રોત્રેન્દ્રિયના વિષયમાં લુબ્ધ થઈને યમરાજના મુખમાં પ્રવેશ કરે છે.

એકજ શ્રવણેન્દ્રિયનો વિષય બિચારા ગરીબ હરિણની હત્યા કરાવે છે. હરિણ સ્વભાવથીજ ગાનારના ગાન ઉપર આસક્ત હોય છે.

શિકારી જ્યારે શિકાર કરવાને જાય છે, ત્યારે વનમાં જઇને મનોહર રાગ આલાપીને ગાવું શરૂ કરે છે. તે સાંભળવાને માટે હરિણ બરાબર કાન દઇને ચિત્રવત્ સ્થિર થઇ જાય છે. પછી તે પારધી એકાએક બાણ કે ગોળીથી તે હરિણનો સંહાર કરી નાખે છે. શ્રવણેન્દ્રિયના વિષયનું જોર ઘણુંજ હોય છે. મનુષ્ય ગમે તો કેવાએ કાર્યમાં પ્રવૃત્ત થએલો હોય, પ્રભુની ભક્તિમાં લીન થયો હોય, અથવા ગુરૂ મહારાજના મુખની વાણી સાંભળવા એકચિત્ત થયો હોય, પરન્તુ તેની પણ ચિત્તવૃત્તિ લગાર સ્ત્રીના પગના ઝાંઝરનો ઝણકાર સાંભળતાં અસ્થિર બની જાય છે અને જ્યાં ચિત્તવૃત્તિ અસ્થિર બની, કે તુરત આંખની ચંચલતા ચટપટ કરવા લાગી જાય છે. આ તો શું ? બે માણસો ગમે તેવી વાતો કરતા હોય, પરન્તુ પાસે બેઠેલો ત્રીજો માણસ ઝટ તેને સાંભળવાનું મન કરે છે. આ પણ શ્રવણેન્દ્રિયનો વિષયજ છે અને લગાર જો કમ સંભળાતું હોય, તો તે પેલા માણસને પૂછે કે ' ભાઇ ! શું કહ્યું ? ' કેટલું બધું શ્રવણેન્દ્રિયના વિષયનું જોર ? આજ કારણથી ધ્યાન કરવાવાળા યોગિઓ જંગલ કે પર્વતની ગુફાઓને વધારે પસંદ કરે છે. કેમકે ત્યાં શબ્દ કમ સાંભળવામાં આવે છે. યોગી લોકો પણ શ્રવણેન્દ્રિયના વિષયને રોકી શકતા નથી. શ્રવણેન્દ્રિયના વિષયની ચપલતા ઘણીજ હોય છે. આ ઇંદ્રિયને વશ કરવી, દુર્ઘટ કાર્ય છે. શ્રવણેન્દ્રિયનો વિષય છે શબ્દ. આ શબ્દ જ્યારે ગાનરૂપે બહાર આવે છે, ત્યારે તો તે યોગી, ભોગી, રોગી, સોગી, સંતાપી તમામ જીવોને સુખકર માલૂમ પડે છે. આથી જોગી પણ જોગને ભૂલી તલ્લીન થઇ જાય છે. ભોગી બમણો કામી થાય છે, રોગી ક્ષણભર શાતાવેદનીયની માફક કાલ વ્યતીત કરે છે. રોગી, વિયોગજન્ય દુઃખને ભૂલી જાય છે, અને સંતાપી આધિ, વ્યાધિ, ઉપાધિને એક સ્થાનમાં મૂકી એક વાર તો શ્રવણેન્દ્રિયના વિષયનો રસ લેવા લુબ્ધ બની જાય છે. અહો ! આ શ્રવણેન્દ્રિયનો વિષય, બીજી ઇન્દ્રિયોના વિષયોથી કોઇ જુદાજ પ્રકારનો છે. બસ, આ વિષયને જીતનાર સાચો ધીર, વીર અને ગંભીર છે. એમાં જરા પણ સંશય જેવું નથી.

આટલે સુધી એક એક ઇંદ્રિયના વિષયોથી ઉત્પન્ન થતી આફતો બતાવ્યા પછી, હવે પાંચે ઇંદ્રિયોના ત્રેવીસે વિષયોથી દૂર રહેવા, કંઇક ઉપદેશ કરવો જરૂરનો જણાય છે. એક સુભાષિતકાર, કહે છે કેઃ—

" एकैकमक्षविषयं भजताममीषां
सम्पद्यते यदि कृतान्तगृहातिथित्वम् ।
पञ्चाक्षगोचररतस्य किमस्ति वाच्य-
मक्षार्थमित्यमलधीरधियस्त्यजन्ति " ॥ १ ॥

એક એક ઇંદ્રિયના વિષયોને સેવનાર હાથી, મત્સ્ય, ભ્રમર, પતંગ, અને હરિણ મરણને શરણ થાય છે, તો પછી પંચેન્દ્રિયના સમસ્ત વિષયોમાં આસક્ત રહેનાર પુરૂષ, યમરાજનો અતિથિ થાય, એમાં કહેવું જ શું ? એટલા માટે ઉપર્યુક્ત દુઃખોનો વિચાર કરીનેજ નિર્મળ અને ધીર બુદ્ધિવાળા પુરૂષો ઇંદ્રિયોના વિષયોને છોડે છે અને તેને ત્યાગ કરવાવાળો પુરૂષજ પ્રશંસાને પાત્ર થાય છે. જેમ—

सुच्चिय सूरो सो चेव पंडिओ तं पसंसिमो निच्चं ।
इंद्रियचोरेहिं सया न लुंटिअं जस्स चरणधणं ॥ १ ॥

સાચો શૂરવીર તેજ પુરૂષ છે કે—જે કામાધીન નહિં બનીને સ્ત્રીનાં લોચનરૂપ બાણોથી હણાતો નથી. સાચો પંડિત તેજ છે કે, જે સ્ત્રીનાં ગહન ચરિત્રોથી ખંડિત થયો નથી અને સાચો પ્રશંસાપાત્ર પુરૂષ તેજ છે કે—જે સંસારમાં રહીને ઇંદ્રિયોની વિષયજાળમાં ન ફસાતાં અખંડિત રહે છે. એટલુંજ નહિં પરન્તુ જેણે, પોતાના ચારિત્રરત્નને, ઇંદ્રિયો રૂપી પ્રબળ પાંચ ચોરોની ચતુરાઇથી બચાવેલ છે. લૌકિકશાસ્ત્રકારો પણ કહે છેઃ—

" स पण्डितो यः करणैरखण्डितः
स तापसो यः परतापहारकः ।

**स धार्मिको यः परमर्म न स्पृशेत्**
**स दीक्षितो यः सदीक्षते सदा " ॥ १ ॥**

પંડિત તેજ છે કે–જે ઇંદ્રિયો વડે કરીને અખંડિત છે. તાપસ –મુનિ તેજ છે કે–જે બીજાના તાપને–દુઃખોને દૂર કરે છે. ધાર્મિક તે છે કે–જે બીજાના મર્મોનું ઉદ્‌ઘાટન કરતા નથી અને દીક્ષિત અર્થાત્ ત્યાગી તેજ છે કે–જે હમેશાં સારીજ દષ્ટિ રાખે છે.

ખરેખર, ઇંદ્રિયરૂપી ચપલ ઘોડાઓ જરૂર મનુષ્યને દુર્ગતિ રૂપ ઉન્માર્ગમાં લઇ જાયછે. જૂઓ, હિન્દુધર્મશાસ્ત્રાનુસાર જગતમાં પૂજ્ય ગણાતા હરિ, હર, બ્રહ્મા વિગેરે કેવા પરાધીન થયેલા છે? હરિ લક્ષ્મીને આધીન બન્યા છે, હર પાર્વતીના પાશમાં પડ્યા છે અને બ્રહ્માએ સાવિત્રીનો સાથ કરેલ છે. જેવા જેવા હુકમો લક્ષ્મી, પાર્વતી અને સાવિત્રીએ કરેલા છે, તેવાં તેવાં કાર્યો હરિ, હર અને બ્રહ્માને કરવાં પડયાં છે, ત્યારે બીજા પ્રાણિયોની તો વાતજ શી કરવી? *ઇંદ્રિયરૂપ અશ્વને ઉન્માર્ગમાં નહિં જવા દેવા માટે તીર્થં-કરોએ* પોતે પ્રયત્નશીલ થઇને પછી જનસમૂહના હાથમાં સદુપદેશ રૂપી દોરી આપી, અને કહ્યું:–' આ વચનોને તમે હમેશાં સ્મરણમાં રાખશો, તો તમારી ઇંદ્રિયો કદાપિ ઉન્મત્ત થશે નહિં.' યાદ રાખવું જોઇએ કે–ઇંદ્રિયોરૂપી ચપલ ઘોડાઓ, વૈરાગ્ય રૂપી દોરડા વિના કદાપિ સન્માર્ગ પર આવવાવાળા નથી. અને તેટલાજ માટે તીર્થં-*કરના ઉપદેશમાં–પ્રતિસૂત્રમાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની રક્ષા* કરનાર **વૈરાગ્યરસ** ભરેલો છે. તેને યાદ રાખવાથી ઇન્દ્રિયરૂપી ઉન્મત્ત ઘોડાઓ કદાપિ ઉન્માર્ગમાં જશે નહિ.

અહિં લગાર એ શંકા ઉદ્‌ભવે તેમ છે કે–' કેટલાક જીવો જિનવચન જાણે છે, તથાપિ વિષયાસક્ત જોવામાં આવે છે, તેનું કારણ શું?' એનું કારણ એટલુંજ છે કે–' તેવા ભવાભિનંદી જીવોએ જિનવચનો પરને માટે જાણ્યાં છે, પોતાને માટે નથી જાણ્યાં. જો તેમણે પોતાના હિતને માટે જાણ્યાં હોય, તો તે કદાપિ વિષયાસક્ત હોઈ શકે નહિં. જેણે ભવસ્વરૂપને સારી રીતે જાણી લીધું છે, તે તો વિષયને

વિષ જ સમજે છે, અને તેમ સમજીને ઇંદ્રિયોને લગાર પણ સ્વતંત્રતા આપતા નથી. અને જો ઇંદ્રિયોને છૂટી રાખે, તો તે ક્રોડ વર્ષો સુધી વિષયની જાલથી છૂટે પણ નહિં. કહ્યું છે કેઃ—

" इंदियधुत्ताणमहो ! तिलतुसमित्तंपि देसु मा पसरं ।
जइ दिन्नो तो नीओ जत्थ खणो वरसकोडिसमो " ॥१॥

હે ભવ્ય ! ઇંદ્રિયરૂપી ધૂર્ત્તને તિલના તુસ જેટલો પણ અવકાશ આપીશ નહિં, યદિ અવકાશ આપીશ તો, તે જ્યાં એક ક્ષણ એક ક્રોડ વર્ષ જેટલી છે, એવી નરક ગતિમાં લઈ જશે.

માટે વિષયને વિષતુલ્ય સમજીને તેનો સ્પર્શમાત્ર પણ કરવો નહિં. એટલુંજ નહિં, પરન્તુ તેનો વિશ્વાસ પણ ન કરવો.

ઇંદ્રિયોને વશમાં રાખવી, એ સાધુ કે ગૃહસ્થ–તમામ આત્મકલ્યાણાભિલાષી પુરૂષોનું કર્ત્તવ્ય છે. ઇંદ્રિયો વશ કરવાનો સિદ્ધાન્ત એવો છે કે, તેમાં કોઇપણ દર્શનકાર કે ધર્માનુયાયીનો મતભેદ હોઇ શકેજ નહિં. **મનુજી** પણ મનુસ્મૃતિના બીજા અધ્યાયમાં કહે છેઃ–

" इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु ।
संयमे यत्नमातिष्ठेद् विद्वान् यन्तेव वाजिनाम् ॥ ८८ ॥

इन्द्रियाणां प्रसङ्गेन दोषमृच्छत्यसंशयम् ।
सन्नियम्य तु तान्येव ततः सिद्धिं नियच्छति ॥ ९३ ॥

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवर्धते ॥ ९४ ॥

यश्चैतान् प्राप्नुयात् सर्वान् यश्चैतान्केवलांस्त्यजेत् ।
प्रापणात् सर्वकामानां परित्यागो विशिष्यते ॥ ९५ ॥

वेदास्त्यागश्च यज्ञाश्च नियमाश्च तपांसि च ।
न विप्रदुष्टभावस्य सिद्धिं गच्छन्ति कर्हिचित् ॥ ९७ ॥

श्रुत्वा स्पृष्ट्वा च दृष्ट्वा च भुक्त्वा घ्रात्वा च यो नरः ।
न हृष्यति ग्लायति वा स विज्ञेयो जितेन्द्रियः ॥ ९८ ॥

इन्द्रियाणां तु सर्वेषां यद्येकं क्षरतीन्द्रियम् ।
तेनास्य क्षरति प्रज्ञा दृतेः पात्रादिवोदकम् " ॥ ९९ ॥

જેમ સારથી રથના ઘોડાઓને પોતાના વશમાં રાખે છે, તેમ વિદ્વાન પુરૂષે, પોતપોતાના વિષયમાં દોડવાવાળી ઇંદ્રિયોને યત્નપૂર્વક પોતાના વશમાં રાખવી જોઇએ. ૮૮. ઇંદ્રિયોના વિષયોમાં આસક્ત થવાથી મનુષ્ય નિઃસંદેહ દૂષિત થાય છે, પરન્તુ તેને કબજે રાખવાથીજ સિદ્ધિ થાય છે. ૯૩. વિષયોનો ભોગ કરવાથી કામનાની શાન્તિ થતી નથી, પરન્તુ જેમ ઘીની આહુતિથી અગ્નિ વધારે પ્રજ્વલિત થાય છે, તેમ વિષયના ઉપભોગથી કામની વૃદ્ધિજ થાય છે. ૯૪. જે મનુષ્ય એ સર્વ ભોગોને પ્રાપ્ત કરે છે, અને જે, તે સર્વ ભોગોનો ત્યાગ કરે છે, તેમાં ત્યાગ કરવાવાળો મનુષ્ય શ્રેષ્ઠ છે. ૯૫. વેદ, ત્યાગ, યજ્ઞ, નિયમ અને તપસ્યા એમાંનું કાંઇપણ, દુષ્ટભાવવાળા વિષયીને સિદ્ધ થતું નથી. ૯૭. જે મનુષ્ય સાંભળીને, સ્પર્શ કરીને, દેખીને, ખાઇને અને સૂંઘીને હર્ષ કે શોક કરતો નથી, અર્થાત્ પ્રસન્ન કે અપ્રસન્ન થતો નથી, તેજ સાચો જિતેન્દ્રિય છે. ૯૮. જેમ છિદ્રવાળા પાત્રમાંથી પાણી નિકળી જાય છે, તેમ એક પણ ઇંદ્રિય 'સ્વતંત્ર થઇ જવાથી મનુષ્યની બુદ્ધિ નષ્ટ થઇ જાય છે. ૯૯.

કહેવાની મતલબ કે ઇંદ્રિયોને કોઇપણ પ્રકારે કાબૂમાં રાખવી જોઇએ. ઇંદ્રિયોને આધીન થયેલો મનુષ્ય કોઇપણ રીતે પોતાનું કલ્યાણ કરી શકતો નથી. એટલા માટે તત્વવેત્તાઓ કહે છેઃ—

" भवारण्यं मुक्त्वा यदि जिगमिषुर्मुक्तिनगरीं
तदानीं मा कार्षीर्विषयविषवृक्षेषु वसतिम् ।
यतश्छायाप्येषां प्रथयति महामोहमचिरा-
दयं जन्तुर्यस्मात् पदमपि न गन्तुं प्रभवति " ॥ १ ॥

હે ભવ્ય ! આ ભવરૂપી અરણ્યને છોડીને યદિ તારી મુક્તિ-નગરમાં જવાની ઈચ્છા હોય, તો વિષયરૂપી વિષવૃક્ષની છાયામાં કદાપિ ઉભો રહીશ નહિં. તે વૃક્ષની છાયા થોડાજ કાલમાં મહા મોહનો વિસ્તાર કરે છે. તેથી મનુષ્ય એક પગલું પણ આગળ વધી શકતો નથી.

ઇંદ્રિયો રૂપી ધૂર્ત્તોનો કદાપિ વિશ્વાસ ન કરવો. કેમકે તેના વિશ્વાસમાં રહેનાર પોતાનું સર્વસ્વ ખોઇ બેસે છે, એમાં લગાર પણ શંકા રાખવા જેવું નથી. વળી ઇંદ્રિયાધીન પુરૂષ પૂજ્ય પુરૂષોની અવજ્ઞા કરવામાં પણ લગારે અચકાતો નથી. આ ઇંદ્રિયાધીન પુરૂષ થોડા માટે ઘણું ગુમાવી દે છે. જેમ કહ્યું છેઃ—

" जह कागिणीइ हेउं कोडिं रयणाण हारए कोइ ।
तह तुच्छविसयगिद्धा जीवा हारंति सिद्धिसुहं " ॥ १ ॥

જેમ કોઈ મનુષ્ય એક કાંકણીને માટે કોડી રત્નોને ગુમાવી દે છે, તેમ તુચ્છ એવા વિષયમાં ગૃદ્ધ થનારો પુરૂષ સિદ્ધિસુખને હારી જાય છે. વળી પણ કહ્યું છેઃ—

" तिलमित्तं विसयसुहं दुहं च गिरिरायसिंगतुंगयरं ।
भवकोडीहिं न निट्ठइ जं जाणसु तं करिज्जासु " ॥ १ ॥

વિષયોની અંદર એક તરફ તિલમાત્ર જેટલું સુખ છે, અને બીજી તરફ મેરૂપર્વતનાં ઊંચાં શિખરોની ઉપમાવાળું–કરોડોભવોથી પણ સમાપ્ત ન થઇ શકે એટલું દુઃખ છે, અતએવ જેમ ઉચિત લાગે તેમ કરો.

લગાર વિચારવા જેવી વાત છે કે–એક કાંકણી, કે જે એક રૂપિયાનો એંશીમો ભાગ છે, તેને માટે કરોડો રત્નોને ગુમાવી દેવા-વાળો માણસ કેવો મૂર્ખ ગણી શકાય, એ બતાવાની કંઇ જરૂર નથી. આવીજ રીતે વિષયસુખમાં આસક્ત થયેલો મનુષ્ય અનુપમેય, અવ્યા-બાધ, અચલ અને અનન્ત સુખમય મુક્તિસુખને ગુમાવી દે છે. તો પછી

આને પહેલાથી પણ વધારે મૂર્ખ ગણવામાં આવે, તો કંઈ ખોટું છે ? ખરૂં જોવા જઇએ તો વિષયજન્ય સુખ, તે સુખજ નથી, કિન્તુ સુખાભાસ છે. અને તે પણ ક્ષણભરને માટેજ. પણ તેનાથી ઉત્પન્ન થયેલ કર્મબન્ધ તો મેરૂ જેટલું દુઃખ આપે છે. પરન્તુ આ વાત મોહાન્ધ પુરૂષોના જોવામાં આવતી નથી.

વિષયસેવન એક એવી વસ્તુ છે કે તેનું ગમે તેટલું સેવન કરવામાં આવે, પરન્તુ તેથી મનુષ્યને તૃપ્તિ થતી નથી. એટલુંજ નહિ, બલ્કે તૃષ્ણાદેવી તે મનુષ્યને બિલકુલ રાંક બનાવીને ઘેર ઘેર ભિક્ષા પણ મંગાવે છે. વળી બીજી દુર્દશા જૂઓ:—

" दासत्वमेति वितनोति विहीनसेवां
धर्मं धुनाति विदधाति विनिन्द्यकर्म ।
रेफश्चिनोति कुरुतेऽतिविरूपवेषं
किं वा हृषीकवशतस्तनुते न मर्त्यः " ॥ १ ॥

અરે, ઇંદ્રિયોના વશમાં પડવાથી મનુષ્ય શું શું નથી કરતો ? દાસપણાને પામે છે, નીચપુરૂષોની સેવા કરે છે, ધર્મનો નાશ કરે છે, અત્યંત નિંદાયુક્ત કર્મોને કરે છે, પાપ બાંધે છે, અને તુચ્છથી તુચ્છ વેષોને પણ ધારણ કરે છે, છતાં પણ તૃષ્ણાદેવી શાન્ત થતી નથી. કેમકે દૈવીસુખોમાં જેને સંતોષ નથી થતો, તે જીવ શું મનુષ્યના ભોગોથી તૃપ્ત થઈ શકે ખરો કે ? અરે, સમુદ્રના પાણીથી જેની તરસ ન મટી, તેની તરસ વનસ્પતિની ટોચ ઉપર રહેલ પાણીના બિંદુથી શું મટે ખરી ? શાસ્ત્રકારો ઠીકજ કહે છે કે:—' भुंजंता महुरा विवागविरसा किंपागतुल्ला इमे ' ભોગવવાના સમયમાં મધુર અને વિપાકમાં વિરસ કિંપાકના ફૂલ સમાન વિષયો છે. અર્થાત્ જેમ કિંપાકનું ફૂલ સુગંધીદાર, નેત્રને આનંદ આપનાર અને સ્વાદમાં મધુર હોય છે, પરન્તુ ખાવાથી પ્રાણોનો નાશ કરે છે, તેવીજ રીતે વિષયસુખ પહેલાં તો રમણીય લાગે છે, પરન્તુ પાછળથી અનિર્વચનીય દુઃખ આપે છે. દરાજના સ્થાનમાં ચળ આવતાં તેને ખણવામાં મનુષ્યને

આનંદ પડે છે, પરન્તુ પાછળથી ત્યાં ખૂબ બળે છે, તે વખતે મનુષ્ય વિચાર કરે છે કે ખણ્યું ન હોત, તો સારૂં હતું. બસ, તેજ પ્રમાણે વિષયાસક્ત પુરૂષને જ્યારે લૌકિક અને લોકોત્તર બન્ને પ્રકારનાં દુઃખોનો અનુભવ કરવાનો વખત આવે છે, ત્યારે તેને પશ્ચાત્તાપનો પાર રહેતો નથી. પરન્તુ આ પશ્ચાત્તાપ શું કામનો ? પોતાનું સર્વસ્વ ખોઈ નાખ્યા પછી અને કર્મોનો અસાધારણ બોજો વ્હોરી લીધા પછી શું થવાનું ? પહેલાંથીજ વિચાર કરવો, એ બુદ્ધિમાનોનું–આત્મકલ્યાણાભિલાષિયોનું પરમ કર્ત્તવ્ય છે.

વિચાર કરવો જોઇએ છે કે–દાવાનળનો અગ્નિ પંદર દિવસમાં પોતાની મેળે શાન્ત થઇ જાય છે, શહેરમાં લાગેલો અગ્નિ કૂવાના પાણીથી શાન્ત થાય છે, પરંતુ કામાગ્નિ એવો છે કે–પંદર દિવસો તો શું, પરન્તુ પંદર કરોડ વર્ષો જેટલી મુદતે પણ શમતો નથી, અરે, કૂવાના પાણીથી તો શું ? સમુદ્રના પાણીથી પણ શાન્ત થતો નથી. તેની શાન્તિને માટે માત્ર જિનરાજની વાણીનું એકજ બિંદુ બસ છે. વળી કામ રૂપી ગ્રહ બીજા પાપ ગ્રહોથી વધારે દુષ્ટ છે. કહ્યું છેઃ–

" सव्वग्गहाणं पभवो महग्गहो सव्वदोसपायट्टी ।
क्रामग्गहो दुरप्पा जेणभिभूअं जगं सव्वं " ॥ १ ॥

કામરૂપી ગ્રહ એવો છે કે–જે સર્વ ગ્રહોને પેદા કરનાર છે અને સર્વ દોષોને પ્રગટ કરે છે, આ મહાગ્રહે સમસ્ત જગત્‌ને વશ કર્યું છે.

મંગલગ્રહ વિગેરે ગ્રહો મનુષ્યને દુઃખ આપે છે. પરન્તુ તે ગ્રહો શાન્તિકર્મોથી શાન્ત થઈ જાય છે, અને કદાચ શાન્ત ન પણ થાય, તો પણ તે કેવળ આ જન્મને બગાડવા સિવાય વધારે નુકશાન કરી શકતા નથી, અથવા તો તેની સ્થિતિ સુધી કષ્ટ દે છે, પરન્તુ કામગ્રહ તો એવી દુર્દશા કરે છે કે જેનું વર્ણન કરવું પણ અશક્ય છે. હવે જે મનુષ્ય કામમાં આસક્ત રહે છે, તેની કેવી અવસ્થાઓ થાય છે, તે બતાવતાં શાસ્ત્રકારો કહે છેઃ—

"ध्यायति धावति कम्पमियर्ति श्राम्यति ताम्यति नश्यति नित्यम् ।
रोदिति सीदति जल्पति दीनं गायति नृत्यति मूर्च्छति कामी ॥१॥
रुष्यति तुष्यति दास्यमुपैति कर्षति दीव्यति सीव्यति वस्त्रम् ।
किं न करोत्यथवा हतबुद्धिः कामवशः पुरुषो जननिन्द्यम्" ॥२॥

કામી પુરૂષ હજારો કર્મો મૂકી દઈને સ્ત્રીનું ધ્યાન કરે છે, દુસ્સહ તડકાની પણ બેદરકારી કરીને તેને માટે દોડંદોડા કરે છે, કાંપે છે, શ્રમિત થાય છે, તપે છે, નાશ પામે છે. સેવે છે, ખેદ પામે છે, દીનતાયુક્ત વચનો બોલે છે, ક્ષણમાં ગાય છે. ક્ષણમાં નાચે છે, અને ક્ષણમાં મૂર્ચ્છાગત પણ થાય છે, ક્ષણમાં રૂષ્ટ થાય છે અને ક્ષણમાં નષ્ટ થાય છે; કિંકરતા પ્રાપ્ત કરે છે, ખેતી પણ કરે છે, જૂગાર પણ ખેલે છે, અને વસ્ત્રોને સીવવાનું પણ કામ કરે છે. વધારે શું કહેવું ? તે હતબુદ્ધિ શું નથી કરતો ? અર્થાત્ સમસ્ત પ્રકારનાં નિંદ્યકાર્યોને પણ તે કરે છે.

આ કામગ્રહ, આ ભવમાંજ ઉપર્યુક્ત દુરાવસ્થાઓને પ્રાપ્ત કરાવે છે, એમ નહિં, પરન્તુ ભવોભવ દુઃખોનું પાત્ર બનાવી મૂકે છે, આવા દુષ્ટ કામગ્રહથી હજારો નહિં, બલ્કે લાખો કોશો દૂર રહેવું, એજ આત્માર્થી પુરૂષોનું પહેલું કર્ત્તવ્ય છે, સ્ત્રીરૂપી નદીમાં હજારો લાખો, કરોડો મનુષ્યો ડૂબી મર્યા છે, તેને માટે શાસ્ત્રકારો કહે છેઃ—

" सिंगारतरंगाए विलासवेलाए जुव्वणजलाए ।
के के जयंमि पुरिसा नारीनईए न बुड्डुंति ?" ॥ १ ॥

શૃંગાર છે તરંગો જેના, વિલાસ છે કિનારા જેના અને યૌવન રૂપી પાણીવાળી સ્ત્રી રૂપી નદીમાં એવા કયા કયા આ જગત્ના પુરૂષો છે કે જેઓ ડૂબ્યા નથી; અર્થાત્ વીતરાગ અને તેમના સાચા ભક્તો સિવાયના બધાએ ડૂબ્યા છે. જેમકેઃ—

" हरिहरचउराणणचंदसूरखंदाइणोवि जे देवा ।
नारीण किंकरत्तं कुणंति धी धी विसयतिन्हा " ॥ १ ॥

અર્થાત્-હરિ ( કૃષ્ણ ), હર ( શંકર ), બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય, કાર્ત્તિકસ્વામી અને બીજા પણ ઇંદ્રાદિ દેવોએ અબલાઓના બલથી પરાજિત થઇને તેણીઓના કિંકરપણાને પ્રાપ્ત કર્યું છે. અતએવ વિષયતૃષ્ણાને વારંવાર ધિક્કાર છે.

આજ પ્રમાણે **ભર્તૃહરિ** પણ પોતાના શૃંગારશતકમાં લખે છે:—

**" शंभुस्वयंभुहरयो हरिणेक्षणानां**
**येनाक्रियन्त सततं गृहकुम्भदासाः ।**
**वाचामगोचरचरित्रविचित्रिताय**
**तस्मै नमो भगवते मकरध्वजाय " ॥ १ ॥**

તે, વાણીથી અગોચર ચરિત્રવાળા વિચિત્ર કામદેવને નમસ્કાર છે, કે જેણે શંભુ, સ્વયંભુ અને હરિને પણ સ્ત્રિયોના દાસ-ઘરનું પાણી ભરવાવાળા દાસ-બનાવ્યા છે.

આ સિવાય જૂઓ ઇલાચીપુત્રનું દૃષ્ટાન્ત. ઇલાચીપુત્રને તેના માતા પિતાએ ઘણું ઘણું સમજાવ્યો, પરન્તુ તે કામરાગને વશ થઇ પોતાની જાતિને છોડીને નટ થયો. જૂઓ રાવણ. રાવણ મહાસુભટ અને ચતુર હોવા છતાં સીતા મહાસતીને હરણ કરીને અંતમાં કુલનો ક્ષય કરી મરણને શરણ થયો. દુર્યોધન, તેણે પણ દ્રૌપદીનાં વસ્ત્રોને ભરસભામાં ખેંચી લેતાં લગારે સંકોચ ન કર્યો. તેના પાપથી તેને રણમાં રહેવું પડ્યું. માટે આ જગત્‌માં એવા થોડાજ પુરૂષો થઇ ગયા છે, અને હશે કે જેઓએ ઇંદ્રિયોને પોતાને આધીન કરી છે. તેને માટે કહ્યું છે:—

**" आदित्यचन्द्रहरिशंकरवासवाद्याः**
**शक्ता न जेतुमतिदुःखकराणि यानि ।**
**तानीन्द्रियाणि बलवन्ति सुदुर्जयानि**
**ये निर्जयन्ति भुवने बलिनस्त एके " ॥ १ ॥**

સૂર્ય, ચન્દ્ર, હરિ, શિવ અને ઇન્દ્રાદિ દેવો પણ અત્યન્ત દુઃખ દેવાવાળી ઇંદ્રિયોને જીતવામાં શક્તિમાન થયા નથી. તો પછી, તેવી બલવાન્ દુર્જય ઇંદ્રિયોને જીતે એવા સાચા બલવાન્ પુરૂષો આ જગત્માં થોડાજં છે !

વળી એ પદ યાદ રાખવા જેવું છે કે–જે કામી પુરૂષ છે, તે એકજ ઇંદ્રિયના વિષયોને નહિં, પરન્તુ પંચેન્દ્રિયના તેવીસે વિષયોનું સેવન કરે છે. તેને માટે પણ કહ્યું છે કેઃ—

" जे कामंधा जीवा रमंति विसएसु ते विगयसंका ।
जे पुण जिणवयणरया ते भीरू तेसु विरमंति " ॥ १ ॥

જે કામાન્ધ જીવો છે, તે નિઃશંક થઇને પંચેન્દ્રિયના તેવીસ વિષયોને સેવે છે. અને જેઓ જિનવચનમાં રક્ત છે, તેઓ વિષયથી વિરાગ પામે છે. કેમકે સંસાર સમુદ્રથી તેઓ ડરતાજ રહે છે. વિષયી પુરૂષમાં અગર બીજા કોઇ સારા ગુણો હોય, તો પણ તે નિષ્ફલતાનેજ પામે છે, જેમકેઃ—

" विद्या दया द्युतिरनुद्धतता तितिक्षा
सत्यं तपो नियमनं विनयो विवेकः ।
सर्वे भवन्ति विषयेषु रतस्य मोघा
मत्वेति चारुमतिरेति न तद्वशित्वम् " ॥ १ ॥

**વિદ્યા**, કે જે સમસ્ત સુખોનું સાધન છે, **દયા**, કે જે ધર્મના મૂલરૂપ છે; **દ્યુતિ**, કે જે હજારો મનુષ્યોની સભામાં સત્કાર કરાવે છે, **અનુદ્ધતતા** કે જે વિનયાદિ ગુણોને ઉત્પન્ન કરે છે; **તિતિક્ષા**, કે જે હજારો સમયે પણ ધૈર્યને છોડાવતી નથી; **સત્ય**, કે જે જગત્માં શિરોરત્ન બનાવે છે; **તપ**, કે જેના પ્રભાવથી અનેકભવોનાં ક્લિષ્ટ કર્મો નાશ પામે છે; **નિયમન**, કે જેના પ્રભાવથી મનુષ્ય અણિમાદિ ઋદ્ધિયોવાળો થાય છે; **વિનય**, કે જે સર્વગુણોનો સરદાર છે અને **વિવેક**, કે જે જડ–ચૈતન્યનું ભાન કરાવે છે. એવા એવા ઉત્તમ

ગુણો પણ વિષયમાં રક્ત થયેલા પુરૂષને નિષ્ફળ થાય છે. આ પ્રમાણે નિશ્ચયથી સમજીને સદ્બુદ્ધિવાળા પુરૂષોએ ઇંદ્રિયાધીન કદાપિ થવું જોઇએ નહિં.

ઇંદ્રિયોને વશ થયેલ પુરૂષ, પછી તે ગમે તેવો ગુણવાન્ કે જ્ઞાનીજ કેમ ન હોય, પરંતુ તે નીચમાં નીચ કાર્ય કરતાં પણ ચૂકતો નથી. કહ્યું છે:—

" लोकार्चितोऽपि कुलजोऽपि बहुश्रुतोऽपि
धर्मस्थितोऽपि विरतोऽपि शमान्वितोऽपि ।
अक्षार्थपन्नगविषाकुलितो मनुष्य-
स्तन्नास्ति कर्म कुरुते न यदत्र निन्द्यम् " ॥ १ ॥

ઇંદ્રિયાર્થરૂપ સર્પના વિષથી વ્યાકુલ થયેલો મનુષ્ય, લોકમાં પૂજ્ય હોય, બહુશ્રુત હોય, ધર્મમાં સ્થિત હોય, સંસારથી વિરક્ત હોય અને શાન્તિયુક્ત હોય, તોપણ જગત્માં એવું કોઇ પણ નિંદ્ય-કાર્ય નથી, કે જે તે ન કરે. મતલબ કે નીચમાં નીચ કાર્ય કરવામાં પણ તેને લજ્જા આવતી નથી.

વળી વિષયાન્ધ પુરૂષ પોતાની અસલી દશાને પણ ભૂલી જાય છે, તેને માટે કહ્યું છે:—

" मरणेवि दीणवयणं माणधरा जे नरा न जंपंति ।
तेवि हु कुणंति लल्लिं बालाणं नेहगहगिहिला " ॥ १ ॥

જો કે, માનરૂપી ધનવાળા પુરૂષો મરણાન્તે પણ દીનવચનો બોલતા નથી, પરન્તુ તે પણ સ્ત્રીયોના સ્નેહરૂપી ગ્રહથી ગાંડા થઇને અત્યન્ત દીનવચનોને બોલે છે.

અહો ! કામદેવનું સામ્રાજ્ય કેવું સ્વતંત્ર અને સત્તાવાળું છે ? ક્યાં સુધી કહેવું ? સત્યોપદેશના પ્રભાવથી સત્યમાર્ગ ઉપર આવેલા

મહાપુરૂષોને પણ ભ્રષ્ટ કરીને સ્વાધીન બનાવી નરકમાં લઇ જવાને કોઇ સમર્થ હોય, તો તે એક કામદેવજ છે—

" **विसयविसेण जीवा जिणधम्मं हारिऊण हा ! नरयं ।**
**वच्चंति जहा चित्तयनिवारिओ बंभदत्तनिवो** " ॥ १ ॥

જૈનધર્મનો ત્યાગ કરીને જીવો વિષયરૂપી વિષના આસેવનથી નરકમાં જાય છે. જૂઓ, ચિત્ર સાધુએ વાર્યા છતાં બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિનો જીવ–સંભૂતિમુનિ જન્મ હારી ગયા.

એક વખત સનત્કુમાર ચક્રવર્ત્તિની સ્ત્રી સુનન્દા, અનશન કરવા વાળા મુનિયોને નમ્રતાપૂર્વક નમસ્કાર કરતી હતી. આ વખતે સંભૂતિસાધુને, તે સુનંદાના કેશોનો અકસ્માત્ સ્પર્શ થયો, અને તેથી તેઓને વિકાર ઉત્પન્ન થતાં એવું નિયાણું કરવાના પરિણામ થયા કે–' મ્હારી આ તીવ્ર તપસ્યાના પ્રભાવથી ભવાન્તરમાં આવા સ્ત્રીરત્નને ભોગવવા વાળો થાઉં.' આ વખતે ચિત્રમુનિ, કે જેઓ ત્યાં બેઠા હતા, પોતાના મનમાં વિચાર કરે છે કેઃ–' અહો ! મોહનું દુર્જયત્વ કેટલું બધું પ્રબળ છે ? અરે, આવી તે ઇંદ્રિયોની દુર્દાન્તતા ! મહાન્ ઘોર તપસ્યાઓને કરવાવાળા અને જિનવચનને જાણવાવાળા આ મુનિને પણ, આ અબળાના કેશના સ્પર્શથી વિકાર ઉત્પન્ન થયો; એટલુંજ નહિ પરન્તુ, આગળ વધીને આવી સ્ત્રીને ભોગવવાનું નિયાણું કરવા સુધીના તેમના પરિણામ થયા ! ! ' આમ વિચાર કર્યા પછી તે ચિત્રમુનિએ સંભૂતિમુનિને સંબોધી કહ્યુંઃ—

" ભાઇ ! આવા ખોટા નિયાણાવાળા પરિણામથી દૂર થાઓ. આ ભોગો અસાર, પરિણામે ભયંકર, વિપાકને દેવાવાળા અને સંસાર પરિભ્રમણના હેતુભૂત છે. તેનું આપ નિયાણું ન કરો. નિયાણુ કરવાથી આવી મોટી તપસ્યાનાં ફળ–સ્વર્ગ અને મોક્ષ, તે નષ્ટ થઇ જશે. "

ઇત્યાદિ ચિત્રમુનિએ શાંતિપૂર્વક બોધ કર્યો, પરન્તુ કામાગ્નિના પ્રબળ વેગમાં ત્હેમના આ સિંચને કંઇ કાર ન કર્યો. સંભૂતિ-

મુનિએ નિયાણું કર્યું, અને તે મરી પહેલા સ્વર્ગે–સૌધર્મ દેવલોકમાં જઇ ત્યાંથી ચ્યવી બ્રહ્મદત્ત થયા. આજ કારણે ઉપર્યુક્ત ગાથામાં ' निवारिओ बंभदत्तनिवो ' એવું સંક્ષેપથી પદ આપ્યું છે. ખરેખર, જે વખતે જીવ પ્રમાદદશામાં પડે છે, તે વખતે સ્નેહીનો સ્નેહ, ઉપકારીનો ઉપકાર અને ઉપદેશકનો ઉપદેશ વિગેરે કંઇ ખ્યાલમાં આવતું નથી. શાસ્ત્રોમાં ઠીકજ કહ્યું છે કેઃ—

**" धी ! धी ! ताण नराणं जे जिणवयणामयंपि मुत्तूणं ।**
**चउगइविडंबणकरं पियंति विसयासवं घोरं " ॥ १ ॥**

એવા મનુષ્યોને વારંવાર ધિક્કાર છે કે, જે મનુષ્ય જિનરાજનાં વચનરૂપી અમૃતને છોડીને ચારગતિમાં વિડંબણા કરવાવાળા ભયંકર વિષયરૂપી સુરાપાનને કરે છે.

જૂઓ, તેજ ભવમાં મોક્ષ જનાર **રથનેમિ** જેવા પણ એક વખત વિષયવિષથી મૂર્ચ્છિત થઇ ગયા હતા—

**" जउनन्दनो महप्पा जिणभाया वयधरो चरमदेहो ।**
**रहनेमी रायमई रायमई कासि ही ! विसया " ॥ १ ॥**

યદુનંદન પરમાત્મા બાવીસમા તીર્થંકર શ્રીનેમનાથના ભાઈ અને પંચમહાવ્રતધારી ચરમશરીરી રથનેમી પણ રાજીમતી ઉપર રાગબુદ્ધિ વાળા થયા. હા આવા વિષયોને ધિક્કાર છે !

જેનો મોક્ષ તે જ ભવમાં થવાનો છે, એવા મહાપુરૂષોને પણ જ્યારે વિષય વિડંબનાઓ કરે છે, તો પછી જેઓને હજુ ઘણો સંસાર પરિભ્રમણ કરવાનો છે, એવા જીવોની દુર્દશા કરે, એમાં તો આશ્ચર્યજ શું ? ગમે તેવા પ્રતાપી પુરૂષોનો પ્રતાપ પણ ઇંદ્રિયોની સામે લુપ્ત થઇ જાય છે. કહ્યું છે કેઃ—

**" दन्तीन्द्रदन्तदलनैकविधौ समर्थाः**
**सन्त्यत्र रौद्रमृगराजवधे प्रवीणाः ।**

आशीविषोरगवशीकरणेऽपि दक्षाः
पञ्चाक्षनिर्जयपरास्तु न सन्ति मर्त्याः " ॥ १ ॥

મદોન્મત્ત હાથીના દાંતોને ચૂર્ણ કરવામાં સમર્થ, ભયંકર કેશરીસિંહને મારવામાં પ્રવીણ અને જેની દાઢમાં વિષ રહેલું છે એવા સર્પોને વશ કરવામાં ચતુર પુરૂષો સંસારમાં સેંકડો હોય છે, પરન્તુ પંચેન્દ્રિયોને સર્વથા પ્રકારે વિજય કરવામાં તત્પર કોઈ મનુષ્ય નથી.

આ વાતની પુષ્ટિમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે:—

" तावन्नरो भवति तत्त्वविदस्तदोषो
मान्यो मनोरमगुणो महनीयवाक्यः ।
शूरः समस्तजनतामहितः कुलीनो
यावद्धृषीकविषयेषु न शक्तिमेति " ॥ १ ॥

મનુષ્ય જ્ઞાની, દોષ રહિત, માની, મનોહરગુણવાળો, પૂજનીય વાકયવાળો, શૂરવીર, સમસ્ત લોકોનો પૂજ્ય અને કુલીન ત્યાં સુધી ગણી શકાય છે, કે જ્યાં સુધી તે વિષયાસકત નથી. એટલે કે ઈંદ્રિયાધીન થતાંની સાથેજ સમસ્ત ગુણો દોષરૂપ થઈ જાય છે.

એ આશ્ચર્ય થવા જેવું છે કે—વિષયો, મનુષ્યને છોડે છે, પરન્તુ મનુષ્ય મરણપર્યન્ત પણ વિષયોને છોડતો નથી. આપણે એમ સમજીએ છીએ કે 'જગત્‌ના તમામ જીવો સુખના અભિલાષી અને દુઃખના દ્વેષી છે,' પરન્તુ જો આ વાત સર્વથા ઠીક જ હોય તો, લગાર એ વિચારવા જેવું છે કે—શા માટે જગત્‌ના જીવો અપ્રાપ્ત વિષયને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા હશે? શા માટે આટલાં આટલાં કષ્ટો ઉઠાવતા હશે? શા માટે એકજ વિષયને માટે નહિ કરવાનાં કૃત્યો કરતા હશે? શા માટે વાસ્તવિક સુખને આપવાવાળા ચારિત્રધર્મથી ડરતા હશે? એવા ઘણા મનુષ્યો જોવામાં આવે છે કે—જેઓ સાધુની પાસે જવામાં ઘણાજ ડરતા હોય છે. તેઓ વિચારે છે કે—રખેને મને ઉપદેશ

આપીને સાધુ બનાવી દે ! અથવા રખેને મને કોઇ વસ્તુનો ત્યાગ કરાવી દે ! અરે, જ્યાં સુધી મનુષ્યોને આવા વિકલ્પો થતા હોય, અથવા તૃષ્ણાની આટલી બધી તીવ્રતા રહેલી હોય, ત્યાં સુધી તેઓ કલ્યાણાભિલાષી–સુખના અભિલાષી છે, એમ કેમ કહી શકાય ? જે વસ્તુમાં સ્વભાવતઃ વિષ જોઇ રહ્યા છે, તે વસ્તુને ત્યાગ કરવાનું પણ મન ન થાય, અરે, ત્યાગ કરવાનું મન થવું તો દૂર રહ્યું, પરન્તુ વધુ પ્રાપ્તિની તૃષ્ણાજ ન અટકે, ત્યાં આત્મકલ્યાણની આશા, આકાશથી પુષ્પને મેળવવાની આશા જેવી નહિં, તો બીજું શું કહી શકાય ? ખરૂં જોવા જઇએ તો જે મનુષ્ય સુખનો અભિલાષી હોય, તે કદાપિ ચારિત્રધર્મથી, શુદ્ધ ઉપદેશથી અને ત્યાગભાવથી ડરે નહિં. શાસ્ત્રોમાં કહ્યું છે કે–ધાર્મિક પુરૂષોનો કટ્ટો શત્રુ કોઇ હોય તો તે એક **કામદેવજ** છે—

**"नारिरिमं विदधाति नराणां रौद्रमना नृपतिर्न करीन्द्रः ।**
**दोषमहिर्न न तीव्रविषं वा यं वितनोति मनोभववैरी ॥ १ ॥**
**एकभवे रिपुपन्नगदुःखं जन्मशतेषु मनोभवदुःखम् ।**
**चारुधियेति विचिन्त्य महान्तः कामरिपुं क्षणतः क्षपयन्ति"॥२॥**

મનુષ્યને, જે દુઃખ શત્રુ નથી કરતો, રૌદ્રમનવાળો રાજા નથી કરતો, હાથી નથી કરતો અને સાપનું તીવ્ર વિષ પણ જે કષ્ટ નથી આપતું, તે કષ્ટ, તે દુઃખ **કામદેવ** આપે છે. શત્રુ અને સર્પાદિનું દુઃખ એક ભવને માટે હોય છે, પરન્તુ કામદેવે ઉપજાવેલું દુઃખ તો સેંકડો ભવોમાં પણ અનુભવવું પડે છે. એટલા માટેજ સુંદર અને સ્વચ્છ બુદ્ધિવાળા મહાપુરૂષો કામદેવરૂપી શત્રુનો એક ક્ષણમાં વિનાશ કરી નાખે છે, અને જે જીવો હીનસત્ત્વ હોય છે, તેઓનેજ કામદેવરૂપી શત્રુ સંસારસમુદ્રમાં જન્મમરણાદિ કષ્ટોને આપે છે—

**" हा ! विसमा हा ! विसमा विसया जीवाण जेहिं पडिबद्धा।**
**हिंडंति भवसमुद्दे अनंतदुःखाइ पावंता " ॥ १ ॥**

હા ! વિષયો વિષમ છે, કે જેમાં જોડાયેલો જીવ આ સંસાર સમુદ્રની અંદર અનંતાં દુઃખોને પ્રાપ્ત કરે છે.

પ્રિયવાચક ! હવે લગાર ફરી વાર એ વાતનું સ્મરણ કરી જાઓ કે, ઇંદ્રજાલના જેવા સ્વભાવવાળા, વિજળીના ચમકારના જેવી ગતિવાળા અને ક્ષણમાં નષ્ટ થવાવાળા વિષયોમાં મોહિત થયેલા જીવોની કેવી દશા થાય છે—

" योगे पीनपयोधराञ्चिततनोर्विच्छेदने बिभ्यतां
मानस्यावसरे चटूक्तिविधुरं दीनं मुखं बिभ्रताम् ।
विश्लेषे स्मरवह्निनानुसमयं दंदह्यमानात्मनां
भ्रातः ! सर्वदशासु दुःखगहनं धिक्कामिनां जीवितम्" ॥ १ ॥

હે ભાઇ ! પુષ્ટસ્તનથી યુક્ત શરીરવાળી સ્ત્રીના સંયોગથી જુદા પડવામાં ડરતા, તેણીના માનના સમયમાં મીઠાં વચનોથી વિહ્વલ અને દીનમુખને ધારણ કરતા, અને વિયોગ અવસ્થામાં કામરૂપ અગ્નિથી પ્રતિસમય બળ્યા કરતા એવા કામી પુરૂષોના સર્વદા દુઃખમય જીવિતને ધિક્કાર છે.

સંસારમાં જોઈએ છીએ કે—જે પુરૂષ સ્ત્રીને આધીન થયેલો છે, તે સ્ત્રીની લાતને પુષ્પનો વરસાદ સમજે છે, સ્ત્રીની ગાળને ઘીની નાળ સમજે છે, અને સ્ત્રીના મુખથી નિકળતી લાળને અમૃતરસ સમજે છે, અને વળી જો સ્ત્રી લગાર હસીને બોલે, તો તે સર્વાધીશની માફક પોતાને અહમિન્દ્ર સમજે છે. કયાં સુધી કહેવું ? કામી પુરૂષ સમસ્ત અવગુણોને ગુણજ ગુણ લેખે છે. પરન્તુ જ્યારે વિષયજન્ય વિરસરસતું ભાન થાય છે, ત્યારે તે કંઇક વિચારશીલ બને છે.

છેવટ—હે ભવ્યો, યદિ કલ્યાણનો સાચો માર્ગ લેવાને માટે ચાહો છો, તો ઇંદ્રિયોના વિષયોથી વિમુખ થાઓ. સરસવ જેટલા સુખમાં મોહિત થઇ, મેરૂ જેટલા દુઃખને ન ગ્રહણ કરો. જ્યારે આ-ત્મારૂપી રત્ન સંકલ્પ–વિકલ્પજન્ય, ક્રોધ, માન, માયા, લોભ અને

રાગ–દ્વેષાદિ શત્રુસમૂહરૂપ કિચ્ચડથી દૂર રહે છે, ત્યારેજ તેનું સાચું સ્વરૂપ ઝળકી ઉઠે છે. અતએવ જો આત્મકલ્યાણની અભિલાષા હોય તો ઇંદ્રિયોરૂપી ચોરોથી સર્વથા–સર્વદા દૂર રહો અને કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યના આ વચનને બરાબર સ્મરણમાં રાખો કેઃ–

" आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम् ॥ १ ॥
इन्द्रियाण्येव तत्सर्वं यत्स्वर्गनरकावुभौ ।
निगृहीतविसृष्टानि स्वर्गाय नरकाय च " ॥ २ ॥

" ઇંદ્રિયોની સ્વતંત્રતા એ દુઃખોનો માર્ગ છે, અને તેનો જય એ સુખોનો માર્ગ છે. હવે જે ઇષ્ટ હોય, તે માર્ગ ગ્રહણ કરો. વળી આજ કારણથી ઇંદ્રિયો સ્વર્ગ અને નરક બન્નેના કારણભૂત છે. ઇંદ્રિયોને વશમાં રાખવી, એ સ્વર્ગનું કારણ છે, અને ઇંદ્રિયોને સ્વતંત્રતા આપવી, એ નરકનું કારણ છે." માટે સમસ્ત જીવો ઇંદ્રિયોને વશમાં રાખી સ્વર્ગના અને પરંપરાથી મોક્ષના અધિકારી બનો, એવી અંતઃકરણની શુભ ભાવનાપૂર્વક વિરમવામાં આવે છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

## હમણાં બહાર પડેલાં નવાં પુસ્તકો.

**૧. ઐતિહાસિક-સજ્ઝાયમાલા.**

સજ્ઝાયોની સજ્ઝાયો અને ઇતિહાસનો ઇતિહાસ. જુદા જુદા કવિયોએ જુદા જુદા આચાર્ય-ઉપાધ્યાયોની બનાવેલી ૬૬ સજ્ઝાયોના સંગ્રહનું આ પુસ્તક, સજ્ઝાયોના ગાનારાઓને જેહેમ ઉપયોગી છે, તેમ ઐતિહાસિક વિષયનો આસ્વાદ લેનારા દરેક ઇતિહાસ પ્રેમિયોને માટે પણ ઘણુંજ ઉપયોગી છે. કારણ કે આમાં આપેલી સજ્ઝાયો ઐતિહાસિક વૃત્તાન્ત વાળી હોવા ઉપરાન્ત, દરેક આચાર્યો અને ઉપાધ્યાયોના સંબંધમાં જોઇતા પરિચયનો સંગ્રહ પણ સ્વતંત્ર રીતે આપવામાં આવ્યો છે. વળી વ્યાખ્યાનોની અંદર બાઈયોને ગહુંળીયો તરીકે ગાવા માટે પણ આમાં આપેલી સજ્ઝાયો આશિર્વાદ રૂપ થઈ પડે તેમ છે. કિંમત માત્ર રૂ. ૦-૧૨-૦

**૨ ઐતિહાસિકરાસસંગ્રહ ભા. ૨ જો.**

સોળમી શતાબ્દિમાં થઇ ગયેલ સુપ્રસિદ્ધ કવિવર **લાવણ્યસમયે** સં. ૧૫૮૯ માં **ખિમઋષિ, બલિભદ્ર** અને **યશોભદ્રસૂરિ**ના રાસો બનાવ્યા હતા. આ ત્રણે રાસો આ બીજા ભાગમાં આપવામાં આવ્યા છે. મૂલ રાસાઓની સાથે રાસાઓમાંથી નિકળતો **સંક્ષિપ્તસાર,** અને રાસાઓની અંદર આવેલા કઠિણશબ્દોનો **કોશ** પણ આપવામાં આવ્યો છે, તેની સાથે આ પુસ્તકના સંશોધક આચાર્ય **શ્રીવિજયધર્મસૂરિજી** મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ લખેલું **લાવણ્યસમયનું** જીવનચરિત્ર પણ આપવામાં આવ્યું છે. દરેક રીતે ઉપયોગી આ પુસ્તકની કિં. ૦-૧૦-૦ છે.

**૩. જૈનસાહિત્યસમ્મેલન કાર્યવિવરણ ભા. ૧-૨**

સં. ૧૯૧૪ માં જોધપુરની અંદર થયેલ **જૈનસાહિત્યસમ્મેલન**ના પ્રથમ અધિવેશનનું સંપૂર્ણ કાર્યવિવરણ આ પુસ્તકની અંદર આપવામાં આવ્યું છે. તે સમ્મેલનમાં પસાર થયેલા પ્રસ્તાવો, ડૉ. **જેકોબી** અને **મહામહોપાધ્યાય ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ**નાં ભાષણો અને એતદ્દેશીય અને

પાશ્ચાત્ય વિદ્વાનોએ લખી મોકલેલા હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી
નિબંધો પણ આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. ' **આત્મ**
' **સરસ્વતી** ' અને એવાં બીજાં ઘણા પત્રોથી પ્રશંસા પામે
કિંમત માત્ર ૧ રૂપિયોજ છે.

**૪. અભિધાનચિંતામણિ કોશ.** ( સટીક )

કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રાચાર્ય**ના નામથી કોણ
જ બનાવેલો ' **અભિધાનચિંતામણિ** ' નામનો કોશ
પાડવામાં આવ્યો છે. હજુ સુધી સંસ્કૃત સાહિત્યમાં
કૃત કોઇ પણ કોશ બહાર પાડયો હોય, તો તે આ
થોડીજ છપાવામાં આવી છે. માટે જલદી મંગાવી લ્યો, કિ
રૂપિયા છે. આ કોશનો બીજો ભાગ પણ હવે થોડાજ વખતમાં બહાર પડશ
કે જેમાં કોશની અનુક્રમણિકા અને શેષનામમાલાની અનુક્રમણિકા વિગેરે
આપવામાં આવશે.

**૫. દેવકુલપાટક.**

ઉદેપુરથી ૧૭ માઇલ દૂર આવેલ દેલવાડા, કે જે એક વખતે મ્હોટું
નગર હતું, અને જ્હાં ત્રણસો ઘંટોનો નાદ થતો હતો, તે ગામનું ઐતિ-
હાસિક વૃત્તાન્ત, ત્હાંથી મળેલા શિલાલેખો અને પ્રાચીન પુસ્તકોના આધારે
આ પુસ્તકમાં આલેખવામાં આવ્યું છે. કિ. ૦–૪–૦

ઉપરનાં દરેક પુસ્તકોનું પોસ્ટ ખર્ચ અલગ સમજવું. આ સિવાય,
અમારે ત્હાંથી મળતાં તમામ પુસ્તકોનું મ્હોટું લિસ્ટ મંગાવી જોવાની પણ
ખાસ ભલામણ છે.

લખો—

**શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા.**

હેરીસ રોડ—**ભાવનગર.**